

# the cape hindu cultural society

1979

# DOUBLE 'O'




Half Litre

- ORANGE
- LEMON
- COCO PINE
- RASBERRY
- IRON BREW
- GINGER BEER

**Real Cool Refresher**

## THE CAPE HINDU CULTURAL SOCIETY

*Extend their heartiest greetings to all for a Happy Deepavali and a Prosperous New Year*

शुभ दीपावली

# તંત્રી સ્થાનેથી

કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી તરફથી આજે વર્ષો થયાં દિપોત્સવી અંક પ્રગટ કરવામાં આવે છે. આપણી ભાષા સંસ્કૃતિ અને ધર્મને જાળવી રાખવા જે અનેક પ્રયાસો થાય છે તેમાં અમારો આ અલ્પ ફાળો છે. આવા અલ્પ પ્રયાસથી આ ભગીરથ કાર્ય પાર પડવાનું નથી એની અમને ખબર છે. છતાં પણ શક્ય એટલી પ્રવૃત્તિ દરેક ગુજરાતીએ અને ગુજરાતી સંસ્થાએ કરવી જોઈએ એ દેખીતું છે. આજે દુનિયાના દરેક દેશમાં ઝડપી પરિવર્તન થઈ રહ્યું છે. ગઈકાલના મુલ્યો આજે બદલાઈ રહ્યાં છે. શોષણ અને અત્યાચાર પર રચાયેલાં રાજ્યોના પાયા ડગમગી રહ્યા છે, અને ક્યારે ગબડશે તેની કોઈને ખબર નથી. સૈકાઓ થી કચડાયેલી પીડિત પ્રજા ન્યાયને માટે ઝુંબેશ ઉઠાવી રહી છે.

આ દેશમાં પણ પરિસ્થિતિ બદલવાના વચનો અપાઈ રહ્યાં છે. કેટલો ફેરફાર કરવામાં આવશે તે તો ભવિષ્યજ કહી શકે. આપણે માટે ફક્ત ગુજરાતી તરીકે નહીં - હિન્દી તરીકે નહીં - પરંતુ આ દેશના કાળા માનવી તરીકે ઉભા રહેવાનો સમય આવ્યો છે. પરંતુ આપણે હજી કોમવાદના કુંડાળા માંથી બહાર નીકળી શક્યા નથી. એટલુંજ નહીં પણ કોમવાદના સ્મારકો ઊભા કરવા સમાજનું ધન વેડફી રહ્યા છે. જ્યાં સુધી આપણી વૃત્તિ ન બદલાય ત્યાં સુધી આ દેશમાં આપણું ભાવી સુરક્ષિત બનાવી શકવાના નથી.

ગુજરાતીઓનુ સંગઠન સાધવા માટે મહા ગુજરાત પરિષદની સ્થાપના કરવામાં આવી, પરંતુ તેનાં કાર્યોમાં પણ દિવસે દિવસે ઓટ આવતી દેખાય છે. "આરંભે શૂરા" એવા આપણા ગુજરાતીઓ માટે આ નવું નથી.

સમયને ઓળખી આપણા મૂલ્યા કનોમાં ફેરફાર જો કરીશું તો આપણે માટે આ દેશમાં "ગુલામી" પરિસ્થિતિ હમેશાને માટે રહેશે. આ દેશમાં કોઈ પણ સમાજ - તેણે આપેલો ભોગ તેમજ દરેક ક્ષેત્રે તેણે સાધેલી પ્રવૃત્તિ પરથી તેનુ સ્થાન નિયત કરી શકશે.

પરમાત્માએ ગુજરાતીઓને પણ ખાસ શક્તિ બક્ષી છે. આપણે તો ફક્ત એ કુદરતી ભેટને ઓળખી વિકસાવવાની જરૂર છે. જો એ કરીશું તો આ દેશની કોઈ પણ પ્રજાની બરોબરીમાં ઊભા રહી શકીશું એમા જરાએ શંકા નથી.

આ અંક પ્રસિદ્ધ કરવામાં અમને અનેક ભાઈ બહેનો તરફથી સહકાર મળ્યો છે. તેમનો અને જાહેર ખબરો આપી આર્થિક મદદ કરનારા ભાઈઓ તેમજ પેઢીઓનો અમે આભાર માનીએ છીએ. ભવિષ્યના અંકોને વધારે સમૃદ્ધ બનાવવા આપ સર્વેનો ફાળો મળશે એવી આશા રાખીએ છીએ.

સોમવારથી શરૂ થતું નૂતન વર્ષ આપને અને આપના કુટુંબીજનોને સર્વ પ્રકારે સુખદાયી નીવડે એવી અમારી પ્રાર્થના છે.

પ્રકાશન સમિતિ સભ્યો,
ગણેશભાઈ પી. લાલા (પ્રમુખ), બાલુભાઈ ભૂલાભાઈ (મંત્રી),
નાથુભાઈ છગન પટેલ (ખજાનચી), ગોપાળભાઈ એન બીલીમોરીઆ,
ભગતસિંગ ભીખા ગોવિંદ, જેકીશનભાઈ એલ. નવસારીઆ,
કનુભાઈ દયાળ સુખા, કાન્તીલાલ વી. પટેલ, સુભાષભાઈ એન રામા.
મદદગાર સભ્યો:- રામચંદ્ર કોવિદ, ગોવિંદભાઈ બી. પટેલ, અરવિંદ-ભાઈ જી. ઈચ્છુ, નગીનભાઈ વી. પટેલ, હરીશભાઈ એમ રામા,
ઠાકોરભાઈ ગોવિંદ પટેલ, સૂર્યકાન્ત જી. રણછોડ

# Message from our Chairman



# Mr Shiba Jeram Patel

## REALIZATION OF OUR IDEALS

During the past years our Society was engaged in the consolidation and rezoning of the Society's property from residential use to Religious, Educational, Welfare and Cultural purposes. Thereafter draft plans were drawn for the proposed cultural centre. I am happy and pleased to report that the plans are now with the City Council awaiting final approval.

The next phase will be the most important. This will be the "Realization of our Ideals" and by this I mean the erection of our Cultural Centre. I must emphasise that every member of our Society must now participate in a very active and positive way. The Society cannot hope to realize its ideals if the members are reluctant to play their part. Our most fruitful course is to stand firm with courageous determination, move forward amid obstacles and setbacks, accept disappointments and cling to hope.

Our determination will eventually open the door of fulfilment — the realization of our ideals resulting in the erection and completion of our cultural Centre. My appeal is simple and clear. We need the Cultural Centre. We must now rally together. Then let it be remembered that we are all members of the Society and have to be engaged in any form of positive endeavour which meets the needs required.

It is not the question whether one is characterised by richness or poverty by education or being not educated. We need every father, mother, brother, sister, boy and girl to become the great army of toilers whose combined labours, efforts and contributions will be the source plant to erect and complete our cultural centre. May God grant each and every one of us the strength to carry out our responsibilities.

Together with my family I greet you all a very happy Deepavali and pray God's richest blessing on each and every one of you.

દિવાળીના શુભ પર્વના અભિનંદન.
નૂતન વર્ષ આપને અને આપના આપ્તજનોને
સર્વ પ્રકારે ઉત્કર્ષને માર્ગે દોરે અને
આપની અભિલાષાઓ સંપૂર્ણ કરે, એજ
પરમકૃપાળુ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

**ધી કેઈપ હિન્દુ ભજન મંડળ**

# Diwali Greetings

*from*

**THE CAPE HINDU BHAJAN MANDAL**

**P.O. BOX 197 GATESVILLE 7764**

## સા.આ.ગુજરાતી મહા પરિષદ

સાઉથ આફ્રિકામાં ગુજરાતી મૌલિક સાહિત્ય ક્ષેત્રે છેલ્લા પાંચ વરસથી કેપ હિંદુ કલ્ચરલ સોસાયટી તરફથી દિવાળીના શુભ અવસરે વિવિધતાભર્યો દીપોત્સવી અંકો રજુ થયાં છે. આ પ્રવૃત્તિ ઘણીજ ઉપયોગી અને પ્રસંશનિય છે. આજે આ પ્રદેશના યુવાનભાઈઓમાં ગુજરાતી ભાષા માટે નવી ચેતના પ્રગટી રહી છે. આ નાના છોડનું આપણે રક્ષણ કરીશું તોજ એ વૃક્ષ બનશે. આ માટે જે જે અને જ્યાં જ્યાં પ્રયાસો થઈ રહ્યા છે તેની સા.આ.ગુજરાતી મહા પરિષદ કદર કરે છે.

આ દીપોત્સવી અંક આ વરસે પણ પ્રગટ થાય છે, એ જાણી મહાપરિષદ, કાર્યકર્તાઓને અભિનંદન પાઠવે છે. કેપ હિંદુ કલ્ચરલ સોસાયટીના આ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે થઈ રહેલ સેવા બદલ ધન્યવાદ સાથે આ પ્રવૃત્તિ વરસોવરસ ચાલતી રહે એવી અભ્યર્થના છે.

લી. રામલાલ લ. હરિ (પ્રમુખ - સા.આ.ગુજરાતી મહા પરિષદ)



# ધી કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી

## પ્રવૃત્તિઓ

સંસ્થાની પ્રવૃત્તિઓ નીચે મુજબ સમસ્ત ગુજરાતીઓ માટે હાથ ધરવામાં આવે છે :-

૧) ગુજરાતી શાળાનું સંચાલન અને નિભાવ

૨) ધાર્મિક પ્રવૃત્તિઓ જીવંત રાખવા દેશ પરદેશથી પધારેલા ધર્મ-પ્રચારકોને બોલાવી તેમના જ્ઞાનનો લાભ લેવા માટે સભાઓ યોજવામાં આવે છે.

૩) ધાર્મિક તહેવારો - રામનવમી, કૃષ્ણ જયંતિ, ગાંધી જયંતિ અને દિવાળી ઉત્સવ ઉજવવામાં આવે છે.

## સંસ્થાનો ટૂંકો ઈતિહાસ

કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી સ્થાપ્યાને ૬ વર્ષ પૂરાં થયાં છે. સંસ્થાની સ્થાપના પૂર્વે, ધી યુનાઈટેડ હિન્દુ એસોસીએશન ની હસ્તી [illegible]-૭૦ વર્ષ સુધી હતી. આ સંસ્થાએ ગુજરાતી શાળાની સ્થાપના ૧૯૪૭ માં કરી હતી. સંસ્થાએ જમીન મેળવી શાળા તથા હૉલ બંધાવ્યાં હતા. સરકારના કાયદાને લીધે સંસ્થાનું મકાન વેચી દેવું પડયું અને સંજોગોવશાત્ સંસ્થા બંધ થઈ હતી. કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટીની સ્થાપના બાદ સંસ્થાના પ્રમુખશ્રી છીબાભાઈ જેરામભાઈ પટેલ તરફથી સમસ્ત ગુજરાતીઓ માટે નવી શાળા, હૉલ અને મંદિર બાંધવા લગભગ ૫૫,૦૦૦ ચોરસ ફૂટ જમીન દાન કરવામાં આવી હતી જે સંસ્થાના નામે થઈ ગઈ છે.

## ફંડ અને બાંધકામનું કાર્ય

સંસ્થાની શાળા, હૉલ અને મંદિરના પ્લેનો સીટી કાઉન્સીલમાં આજે લગભગ ૧૨ માસ પહેલા રજુ કરવામાં આવ્યા હતાં. તેને ટૂક સમયમાં મંજુરી મળી જશે એમ તપાસ કરતાં લાગે છે. સીટી કાઉન્સીલે ત્રણે યોજનાઓના બાંધકામનો અડસટ્ટો લગભગ ૬ લાખ રાન્ડનો કર્યો છે. આ ત્રણે યોજનામાંથી કોઈ પણ એક યોજના છૂટી પાડી બાંધી શકાય છે એટલે બધી યોજનાઓનું કાર્ય એકી વખતે શરૂ કરવું ફરજિયાત નથી. ઉપરોક્ત ભગીરથ કાર્યને પહોંચી વળવા માટે બે માસ પૂર્વે ફંડની શરૂઆત કરવામાં આવી હતી. સોસાયટીના સભ્યો પૈકીમાં લગભગ ૧૧૫ કુટુંબો છે. છેલ્લા બે માસમાં ૧૨ કુટુંબો પાસેથી ૧૫૮,૦૦૦ (એક લાખ, અઠ્ઠાવન હજાર) રાન્ડનું દાન મળ્યું છે. એ કુટુંબોના સર્વ સભ્યોને ધન્યવાદ. બીજા ચાર પાંચ માસમાં ઉઘરાણાનું કાર્ય પૂરૂ કરવાનો અમારો ઈરાદો છે. અત્રેના કેટલાંક તેજોદ્વેષી ભાઈઓ (કોમી સંસ્થાના સભ્યો) તરફથી બધીબધ વાતો ફેલાવવામાં આવી છે કે કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી કોઈ કાળે પણ શાળા હૉલ અને મંદિર બાંધી શકવાની નથી. એવો ખોટો પ્રચાર કરનારા સમાજદ્રોહીઓ ની આંખ ઉપરોક્ત ફંડની શરૂઆતથી જરૂર ખુલશે. સોસાયટીનો મક્કમ નિર્ણય છે કે તેમની જરૂરિયાતો માટે તેમના સભ્યોએ યથાશક્તિ મોટામાં મોટો ફાળો આપવો જોઈએ, અને ત્યારબાદ બીજાની પાસે મદદની આશા રાખી શકે. "બીજાની પાસે વધારે ઉઘરાવીએ જેથી આપણે ઓછામાં ઓછું આપવું પડે" એવી અનૈતિક ભાવના અમારી નથી. અમને અનુભવ પરથી ખાત્રી થઈ છે કે કેઈપ ટાઉનનો હિન્દુ સમાજ કદાચ નાનો હશે પરંતુ તેમના દિલ નાના નથી. હજી લગભગ ૧૦૦ કુટુંબમાંથી ઉઘરાણું કરવાનું બાકી છે. સમાજના સર્વ ભાઈ-બહેનો તરફથી જેવો સાથ અને સહકાર ૧૨ કુટુંબો તરફથી મળ્યો છે તેવોજ સહકાર બીજાં કુટુંબો તરફથી મળશે તો ટૂક સમયમાં આપણા બધાંજ કાર્યો, વિના વિલંબે પૂરાં કરી શકીશું. શુભ ભાવનાથી શરૂ થયેલાં કામો-



**KHOOSALBHAI, BHAVANBHAI, RAMANBHAI, AMRITLAL & JAIRAMBHAI VANMALI PATEL AND FAMILIES**

*Extend their Best Wishes*

*for a*

*Happy Diwali & Prosperous*

*New Year*

*to all Friends & Relatives*

10 Goldsmith Road, Salt River — Phone 55-5915

*Best Wishes for Diwali*

FROM

**MOTIRAM RANCHOD**



**21 CARNIE ROAD** — **RYLANDS ESTATE**



*Diwali Greetings*



FROM

**SURWELL PHARMACY**

**Athlone** — **Phone: 67-2013**

**Mr. & Mrs. MITHAL PARSOTAM**

**Mr. & Mrs. HIMAT PARSOTAM**

**and FAMILY**

માં પરમાત્માનો આશિર્વાદ જરૂર ઉતરશે એવી અમને શ્રધ્ધા છે.

---

# ગાંધી સ્મારક શાળા

આ વર્ષે ૧૩૧ વિદ્યાર્થીઓની સંખ્યામાં ધોરણ ચાર સુધી અભ્યાસ આપવામાં આવે છે. ૨૫ વર્ષોની સેવા બાદ આચાર્ય શ્રી ગણેશભાઈ પી. લાલા આ વર્ષની શરૂઆતમાં શાળામાંથી છૂટા થયા છે. શ્રી ગોવિંદભાઈ બી. પટેલ અને શ્રી રામચંદ્ર કોવિદ - જેઓ બન્ને ભૂતકાળમાં શાળાના આચાર્ય હતાં - તેઓની મદદથી શાળાનું સંચાલન યોગ્ય રીતે થાય છે. આ વર્ષે એક નવો વર્ગ - ખાસ શીશુ-વર્ગ (PREPARATORY CLASS) ની શરૂઆત કરવામાં આવે છે. ગુજરાતી ભાષા, ધર્મશિક્ષા, રાષ્ટ્રભાષા વિગેરે વિષયોનો અભ્યાસ અપાય છે. હાલ ૬ શિક્ષિકાઓ શાળામાં ભણાવે છે. વાર્ષિક પરીક્ષા બાદ, જાહેર મેળાવડો યોજવામાં આવે છે જેમાં વર્ગોના ઉપસ્થાને આવેલા બાળકોને ઈનામો આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તરફથી મનોરંજન કાર્યક્રમ રજૂ થાય છે.

---

# ધી કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી

## જાહેર સમિતિ · ૧૯૭૯-૧૯૮૦

છીબાભાઈ જેરામભાઈ પટેલ (પ્રમુખ)
ગોવિંદભાઈ ભીખાભાઈ પટેલ (ઉપ-પ્રમુખ)
જેરામભાઈ વનમાળીભાઈ પટેલ (ઉપ-પ્રમુખ)
ગોપાળભાઈ નારણભાઈ બીલીમોરીઆ (મંત્રી)
નગીનભાઈ વલ્લભભાઈ પટેલ (મંત્રી)
સુભાષભાઈ નારણભાઈ રામા (ખજાનચી)
ભગતસિંગ ભીખાભાઈ ગોવન (ખજાનચી)
ઠાકોરભાઈ ઘેલાભાઈ ભીખાભાઈ
શાંતિલાલ રામજીભાઈ
લાલાભાઈ ગોવિંદભાઈ પટેલ
હંસાબહેન પરભુભાઈ પરસોતમ
નાથુભાઈ છગનભાઈ પટેલ
બાલુભાઈ ભૂલાભાઈ
છગનભાઈ નાથુભાઈ
જેકીશનભાઈ લલ્લુભાઈ નવસારીઆ
ચંદનબહેન ગિરધરલાલ સુરતવાલા
ગુલાબભાઈ ઈચ્છુભાઈ જીવણ
કનુભાઈ દયાળભાઈ સુખા
હરીશભાઈ મગનભાઈ રામા
ગણેશભાઈ પુંજીયાભાઈ લાલા
ઉર્મિલાબહેન જેરામભાઈ પટેલ
હરગોવિંદભાઈ ભીખાભાઈ ગોવન
મોહનભાઈ ભાણાભાઈ કલાણ
મંગુભાઈ લલ્લુભાઈ દેસાઈ
નગીનભાઈ ઘેલાભાઈ ભીખા
કાન્તીલાલ વલ્લભભાઈ પટેલ
પુષ્પાબહેન ગોવિંદભાઈ બીલીમોરીઆ
અંબિકાબહેન નારાયણ પીલ્લૈ
નાનુભાઈ કાનજી હીરા
જગુભાઈ નગીનભાઈ ભૂલા

---

# કેઈપ ટાઉન માં બીજી સંસ્થાઓ

## ધી કેઈપ હિન્દુ ભજન મંડળ

ધી કેઈપ હિન્દુ ભજન મંડળની સ્થાપના ૧૯૩૭ માં ધર્મપ્રેમી ભાઈઓએ ભેગા મળીને કરી હતી. કેટલાં વર્ષો થયાં ભજન મંડળ દર અઠવાડિયે ભજન કીર્તનનો કાર્યક્રમ રાખે છે. દર વર્ષે શ્રવણ માસે અને દર ત્રણ વર્ષે આવતા અધિકમાસે દરરોજ ભજન કીર્તનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. અને વક્તાઓ તરફથી પ્રવચનો રજૂ થાય છે. તેમજ કોઈ ધર્મપ્રેમી ભાઈ

બહેનોને પોતાના ઘરે ભજન કીર્તનનો કાર્યક્રમ રાખવો હોય તો તેનો પણ મંડળ લાભ આપે છે. આ વર્ષે મંડળે ભજનની ચોપડીઓ ઘરેઘરે મોકલાવી છે. અમારો ભજનનો કાર્યક્રમ શનિવારે હતો તે રવિવારે સાંજે રાખવાથી સારી એવી સંખ્યા થાય છે. આખા સાઉથ આફ્રિકામાં જ્યાં જ્યાં ભજન મંડળો ચાલે છે ત્યાં ત્યાં આપણી ભજનાવલી મોકલવાનો અમારો ઈરાદો છે. ઝીમબાબવે રોડેશિયા અને ઝાંબ્યાથી પણ ભજનાવલીની માંગણી કરવામાં આવી છે. આ ભજનમંડળ સંસ્થાનાં કાર્યમાં પણ પૂરો સાથ આપે. જ્યારે જ્યારે સંસ્થા તરફથી હમોને ભજનને માટે આમંત્રણ મળે છે ત્યારે તે આમંત્રણને હમો વધાવી લઈએ છીએ. કૃષ્ણજયંતિ, રામનવમી, ગાંધી જયંતિ અને દિવાળીનાં ઉત્સવમાં પણ મંડળ સારો ભાગ ભજવે છે. ધર્મપ્રેમી ભાઈ બહેનોના સાથ અને સહકારથી હમો કાર્યવાહકોને કામ કરવાનો ઘણો ઉત્સાહ રહે છે. જેમ ગુરૂ વિનાનું જ્ઞાન નકામું છે તેમ આપણે આપણા ધર્મની જ્યોત જાગ્રત રાખવી હોય તો માનવજીવનને સત્સંગની ખાસ જરૂર છે.

પ્રભુને એટલીજ પ્રાર્થના કરીએ કે સમાજના સર્વ ભાઈ બહેનો અને બાળકોને આવતું નૂતન વર્ષ સર્વ રીતે સુખદાઈ અને લાભદાઈ નીવડો.

લી. મંડળના કાર્યવાહકો.

---

## ધી કેઈપ હિન્દુ મહિલા મંડળ

ઉપરોક્ત સંસ્થાની બહેનો પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી ઘણીજ ધગશથી કામ આગળ ચલાવી રહી છે. આ વર્ષ દરમિયાન નાની નાની હાટ ભરી, બે ત્રણ ફિલ્મો બતાવી ઘણીજ મહેનત કરી સારી એવી રકમ ભેગી કરી છે. આપણા શ્રાવણ માસમાં ભજન કીર્તન, હવન ક્રિયા અને સત્સંગ કરી સમાજના યુવાન વર્ગમાં ધર્મ સિંચન કરી શક્યાં છે. આશા છે કે મહિલા મંડળની પ્રગતિ દિવસે દિવસે આગળ વધતી રહે અને સમસ્ત સમાજને માટે લાભદાયી નિવડે.

લી. કાર્યવાહકો

---

## ધાર્મિક સંમેલન

હિન્દુ પ્રજાને ધર્મ પ્રત્યે વધુ ને વધુ ધ્યાન આપવાની જરૂર છે, એના પોકાર ધાર્મિક સંમેલનમાં વારંવાર કરવામાં આવે છે. ધર્મની સાથે શરીરની તંદુરસ્તી માટે પણ પૂરતુ ધ્યાન આપવું ખાસ જરૂરી છે. આ વર્ષ "બાળક ને તંદુરસ્તી" નું વર્ષ ગણાય છે, તે ધ્યાનમાં લઈ અનેક સમાજનાં ડાક્ટરો, ડેન્ટીસ્ટો, સોસ્યલ વર્કરો, CARDIAC SURGEON અને FOREIGN DIGNATORIES માં MAURITIUS નાં MINISTER OF HEALTH જેવાના અવર નવર પ્રવચનો સાંભળવાની તક મળી છે. બાળકોને ધર્મ વિષે વધુ વેગ આપવા માટે "આર્ય પ્રતિનિધિ સભા - ડરબન" તરફથી ધાર્મિક પરીક્ષા લેવાઈ હતી. બાળકોમાં વધુ સંપ ને એકતા જળવવા માટે ઉજાણી રચાઈ હતી જેમાં વાલીઓ તથા બાળકો તરફથી સંપૂર્ણ સાથ અને સહકાર મળ્યો હતો. ગત વર્ષ પ્રમાણે દિવાળીના પ્રસંગે ગરીબોને ખાસ યાદ કરી SHAWCO દ્વારા અન્નદાન કરવાની પ્રથા ફરીવાર અપનાવી છે.

પરમાત્મા ને પ્રાર્થીએ કે આપણા સંમેલનની પ્રગતિ દિવસે દિવસે વધતી રહે ને દરેક હિન્દુ ભાઈ-બહેનનો સાથ મળતો રહે અને સાચા સમાજ-સેવક બનીએ.

લી. કાર્યવાહકો

---



# How to avoid being caught in today's uncertain economic climate.

TALK TO SYFRETS

A MEMBER OF THE NEDBANK GROUP

BATES·WELLS·ROSTRON 8282C

Simba Chips
just roarrr
with flavour!



Simba

# સમાજ સંગઠન
## -નો સુવર્ણ મંત્ર

લેખક
પંડિત નરદેવભાઈ વેદાલંકાર
ડરબન

સમાજ મનુષ્યોના સમુદાયથી બન્યો છે. પરંતુ જો એ સમુદાય કોઈ ધ્યેય વિનાનો હોય, તેમાં કોઈ એક વિચારધારા રહેલી ન હોય તો તે સમુદાય સમાજ નથી, તે ટોળું છે. માણસોનું ટોળું ભેગું થયું હોય પણ જો તેમાં એક ભાવના, એક લક્ષ્ય નહિ હોય તો ગમે તેટલું મોટું હોવા છતાં તે એક સંગઠિત શક્તિ ન કહી શકાય. કોઈ પણ સમાજની રચના માટે એક વિચાર ધારામાં સંગઠિત થવાની જરૂર રહે છે. એક લેખકે લખ્યું છે કે એક મકાનમાં ૫ થી ૨૫ પુરૂષો રહેતા હોય છતાં તે ધર્મશાળા છે. પણ જો તેમાં એક સ્ત્રી હોય તો તે એક ઘર છે. તે સ્ત્રી, પત્ની, માતા કે ભગિની રૂપે તે ઘરનાં સ્ત્રી પુરૂષો ને એક જાતના બંધનમાં, નિયમનમાં બાંધી લે છે. ત્યારે જ તે એક કુટુંબ બને છે. તેમનાં એક બીજાનાં સુખદુખ દરેકનાં બને છે. તેમના માં એક સાથે જીવવાની અને એક સાથે ઊભા રહેવાની ભાવના જાગે છે. એ ઘરની ભાવના છે, કુટુંબની ભાવના છે. સમાજની રચનામાં પણ એવીજ સમજણ હોવી જરૂરી છે.

સમાજમાં જોડાયેલા બધા સભ્યો એક રીતે સંગઠિત થયેલા હોવા જોઈએ. તેમનાં સુખદુખ એક લાગવાં જોઈએ. તેમના માં ગમે તેવી ભિન્નતા હોવા છતાં તે બધાનું ધ્યેય એક હોવું જોઈએ બધાંને એમ થવું જોઈએ કે અમે એક ધ્યેયને માટે કામ કરી રહ્યા છીએ, તેને પૂર્ણ કરવાને પ્રયત્ન કરીએ છીએ. તેને માટે કષ્ટો વેઠીએ છીએ. અને સર્વના આરામ માટે મહેનત કરીએ છીએ. સમાજમાંના બધાંનું ભાવિ એક છે, બધાંના બંધનો ને મુક્તિ એક જાતનાં છે. આવી જાતની ભાવના કામ કરી રહી હોય તો તે સમાજ સંગઠિત બને છે. દરેક વ્યક્તિને તેમાં હૂંફ મળે છે, તેમાં વ્યક્તિ અને સમષ્ટિની પ્રગતિ થાય છે. દરેક વ્યક્તિ સર્વહિતકારી બંધનોમાં બંધાયેલી રહે છે, છતાં તે તેમાં પોતાની સ્વતંત્રતા ભોગવે છે. એટલે જ સ્વામી દયાનંદે સમાજ સંગઠનનો દશમો નિયમ ઘડયો કે સઘળા મનુષ્યો એ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર અને સ્વહિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઈએ.

આવા સમાજની સર્વ થી પ્રધાન તાકાત છે. સંગઠનશક્તિ સંગઠન સાધવાથી વ્યક્તિનું બળ અનેક ગણું વધી જાય છે. વ્યક્તિગત બળની વિશેષ મહત્તા નથી. એક દોરાને તાણો તો તે તૂટી જવાનો. તે દોરાનું દોરડું વણી લો તો તે મદમસ્ત હાથીને પણ બાંધી શકે. પરંતુ આવી સંગઠન શક્તિ સાધી શકાય તે માટે શું કરવું? વેદમાં સમાજ સંગઠનનો એક સુવર્ણ મંત્ર આપ્યો છે:

> સંગચ્છધ્વં સંવદધ્વં સં વો મનાંસિ જાનતામ ।
> દેવા ભાગં યથાપૂર્વે સંજાનાના ઉપાસતે ॥

બધાં એક સાથે ચાલો, એક સાથે બોલો અને એક મનથી વિચારો. બધાં એક સાથે ચાલો એટલે તમારાં બાહ્યકર્મોમાં એકતા દેખાવી જોઈએ. સેના તો તે છે, જેનાં કૂચ વખતે એક સાથે પગલાં પડે. તેમાં ભિન્નતા આવી એટલે સહુ વિખરાઈ જવાના. બધાની તાકાત તૂટી જવાની. માટે બધાંએ સાથે મળીનેજ પ્રયત્ન કરતાં રહેવાનું જરૂરી છે. એક મશીન સફળ રીતે ક્યારે ચાલી શકે? તે માટે તેનાં બધાં ચક્રો એક સાથે ચાલવાં જોઈએ. તે એકબીજાના સહકારમાં, એક બીજાના પૂરક બનીને ગતિ કરતાં હોવા જોઈએ. આમ ગતિ કરવા માટે, પ્રગતિ ને માટે, એક સાથે કાર્ય કરવું. એક સંગઠનમાં એક બીજાના સહકારમાં કાર્ય થવું જોઈએ. તેનું જ નામ છે, બધાં એક સાથે ચાલો.

પરંતુ એક સાથે ચાલવાની, એક થઈ પ્રયત્ન કરવાની બાહ્યક્રિયા ક્યારે શક્ય બને? તેને માટે વધુ સૂક્ષ્મ સૂત્ર છે. એક સાથે બોલો. તમારાં વચન એક જેવાં હોવા જોઈએ. સમાજના બધા લોકોએ એક જેવી વાતો કહેવી જોઈએ, એક બીજાથી વિરોધી વાણી નહિ નીકળવી જોઈ-

*May the Light of Diwali destroy*
*the darkness in your life,*
*and fill it with*
*Hope, Courage and Everlasting Joy.*



**JAYANTI GOVAN PATEL & FAMILY**
29 Mavis Road, Rylands Estate



**Best Wishes for a**
**Happy Diwali and a Prosperous**
**New Year**
**to all friends and relatives**

CHOTUBHAI BHIKHA, RAMESH C. BHIKHA,
JAYANTI B. BHIKHA, SHANTILAL C. BHIKHA
AND FAMILIES

**125 DURBAN STREET, WORCESTER.**

એ. એક સેનાના દશ સેનાનાયકો જો દશ જાતના આદેશો - ઓર્ડરો આપે તો કેવો ગોટાળો થાય! તો કોઈ સૈનિક એક રીતે ચાલી ન શકે. માટે એક રીતે ચાલવા માટે, એક રીતે કાર્ય કરવા માટે, વચનનો - વાણીનો મેળ હોવો જોઈએ. એકજ જાતના હુકમો છૂટવા જોઈએ, બોલવામાં એકતા હોવી જોઈએ. જો એક સમાજના જુદા જુદા અધિકારીઓ જુદા વક્તવ્યો આપે તો સમાજના સભ્યો કે પ્રજાજનો એકતા કેવી રીતે સાધી શકે? માટેજ કહ્યુ, એક સાથે ચાલો એક થઈને બોલો.

એક સાથે બોલી કેવી રીતે શકાય? એક જેવીજ વાણી કેવી રીતે નીકળી શકે? બધા નાયકોના આદેશો એક જેવા ક્યારે હોય શકે? તો તેનાથી ઊંડું - વધુ સૂક્ષ્મ - સૂત્ર આપ્યું - 'સંવો મનાંસિ જાનતામ્' તમારા બધાંના મન એક જેવા હોવા જોઈએ. બધાંના વિચારોમાં એકતા સાધો. તો મૂળ મંત્ર થયો મનની એકતાનો. મનની એકતા એટલે વિચારોની એકતા. આવી બધાની એક વિચારસરણી ક્યારે સંભવે? જો બધાં એક ધ્યેયને - એક આદર્શને વરેલા હોય તો બધાનું ચિંતન ઊંડું બને, બધા ભલે જૂદી રીતે વિચારી જુએ પણ છેવટે તો બધાના વિચારો એક બનવા જોઈએ. બધાએ એક લક્ષ્ય ઉપર થહેરાવું જોઈએ. માટે વિચારોની એકતા સાધો. વિચારોમાં જબરદસ્ત શક્તિ રહેલી છે. તમારા એ વિચારો જ તમારી વાણીને શક્તિ આપે છે. વિચારોની એકતા પછી વાણીની એકતા આવે છે. વાણીની એકતા પછી કાર્યની એકતા સાધે છે. મનના વિચારો વાણીની એકતામાં પ્રગટ થાય છે. અને ત્યારે તે વાણી કાર્યોને સિદ્ધ કરનારી બને છે.

એટલે સર્વ પ્રથમ વિચાર શક્તિ - મનન શક્તિને કેળવો. તે તમારી વાણીને, ભાષણ અને લેખન શક્તિને સબલ બનાવશે અને તે વડે બધા એક સંગઠનમાં બંધાઈ એક સાથે ગતિ કરશે - પ્રગતિ કરશે. ત્યારે કાર્ય સિદ્ધને - ધ્યેયને વરાશે.

સમાજ સંગઠનના આ સુવર્ણમંત્રમાં એક મહત્વની બીજી વસ્તુ કહી છે કે તમે દરેક પોતપોતાના સ્થાને, પોતપોતાના ક્ષેત્રમાં, પોતપોતાના પદે રહીને સ્વકર્તવ્યકર્મને બજાવો. તમારાં કર્તવ્યને પૂર્ણ કરો, તમારી ફરજમાંથી ચૂકો નહિ. તમારા દેવોએ - વડીલોએ - જે ભાગ ભજવેલો તેને તમે પણ સમજપૂર્વક ભજવો. તમારે હિસ્સે આવેલું કાર્ય તમારે પૂર્ણ જવાબદારી સાથે કરવાનું છે. તેમાં ક્યાશ ચાલેજ નહિ. બીજાએ શું કર્યું છે કે શું નથી કર્યું, તે ન જુઓ. તમે તમારું કર્તવ્ય સંપૂર્ણ રીતે બજાવશો તો જોશો કે બધાંએજ તે કર્તવ્ય પૂર્ણ કર્યું છે. દેખા દેખી કરો નહિ. સમજપૂર્વક તમારે ભાગે આવેલું કાર્ય તમારે કરવાનું છે, એ દેવોનો રિવાજ છે, એ દેવોનો માર્ગ છે. એનું અનુસરણ કરો, તો તમારા સંગઠનમાં - સમાજમાં - કંઈ ખામી રહેશે નહિ. તમારો સમાજ તેજસ્વી અને સમર્થ બનશે.

જરા વિચારો, આ સંગઠન મંત્ર આપણે ગુજરાતી સમાજ માટે ક્યાં સુધી અમલમાં મૂક્યો છે? શું આપણે સંગઠિત બની એક ધ્યેય ને વરેલા છીએ? શું આપણે એક રીતે વિચાર કરીએ છીએ; એક થઈ ને બોલીએ છીએ? શું આપણાં બધાંના પગલાં એક સાથે પડી રહ્યાં છે? આપણી આગે કૂચમાં આપણા સ્વાર્થો આડે તો નથી આવતા? આપણા જુદા જુદા વાડાઓ આપણા હૃદયને એક બનવા દેવામાં બાધક તો નથી? આપણી ન્યાતો ને જાતિઓનું નાનું કુંડાળું સમાજના સંગઠનમાં ખીલો તો નથી બન્યું? આપણે એક ગુજરાતી સમાજ બનાવવો હોય તો તે કેવી રીતે બની શકે? જો આજે પણ આપણે આપણા સામાજિક વાડાઓમાંથી - જ્ઞાતિબંધનોમાંથી - છૂટવાનો માર્ગ નહિ શોધીશું તો સામાજિક સંગઠન કેવી રીતે શક્ય બનશે? આપણા ભૌગોલિક અને પરગણાનાં બંધનો આપણને આજે પણ જકડી રાખશે તો આપણે એક સાથે પગલાં કેવી રીતે માંડીશું?

શું સમસ્ત ગુજરાતી સમાજના આવા મંડળો એ રીતે વિચારી ન શકે કે હવે પછીના પાંચ વર્ષોમાં એ જ્ઞાતિ મંડળો અને બીજા વાડાઓ આપો આપ સમસ્ત એક ગુજરાતી સમાજના મહા વર્તુળમાં ભળી જાય? સમાજ સંગઠન માટેનો એ પોકાર છે. એની ગૂઢ વાણી આપણે સાંભળીએ અને તેને અમલમાં મૂકવાને તત્પર બની કાર્ય કરીએ.

આપણે એક થઈને વિચારીએ, એક બનીને બોલીએ અને એક સાથે પગલાં માંડીએ. આપણે બધાં ફરી એ સુવર્ણ મંત્રનો જપ કરીએ :

> સંગચ્છધ્વં સંવદધ્વં સં વો મનાંસિ જાનતામ્ ।
> સાથે ચાલો, બોલો, વિચારો.



35 PARK ROAD
WYNBERG. 7800.
CAPE TOWN.
PHONE 77-2321

## dharmic samelan

(CAPE TOWN)

EXTEND HEARTY DIWALI GREETINGS AND A PROSPEROUS & HARMONIOUS NEW YEAR

## Pick 'n Pay

**WHERE YOU SCORE ON PRICE & QUALITY**

# LEGAL ADVICE

## ANTENUPTIAL CONTRACTS EXPLAINED

An antenuptial contract is an agreement between intending spouses in which they set out the terms and conditions by which their marriage is to govern. An antenuptial contract may be entered into for all or any of the following purposes:

(a) to modify or exclude community of property, profit and loss, and the husband's marital power;

(b) to provide for marriage settlements or gifts between the spouses;

(c) to provide for the succession of one spouse to the other, although this, in practice, is almost obsolete today.

An antenuptial contract becomes effective as soon as the marriage takes place and cannot afterwards be cancelled or varied by agreement between the spouses.

The contract requires no formalities to be effective as between the spouses themselves, but in order to be effective as against third persons, it may be attested by a notary public and registered in a deeds registry within three months after the date of its execution.

In the absence of an antenuptial contract providing otherwise, the husband acquires the marital power over his wife, who is reduced to a legal position analogous to that of a minor under guardianship.

The marital power basically embraces the following:

(a) The husband's power as head of the family to decide on all things concerning the common life — for example, where and how the family should live.

(b) The husband's power over the property of the wife. If the spouses are married in community of property the husband exercises this power over the joint estate. If the marriage is out of community, but the marital power is not excluded, the husband administers the wife's separate estate.

(c) The husband's power over the person of his wife, including her representation in legal proceedings.

The power mentioned in (a) is one of the invariable consequencees of the marriage and cannot be excluded by antenuptial contract. However, the marital powers mentioned in (b) and (c) are variable in the sense that they may be excluded in the antenuptial contract, giving the wife the right to administer her own estate and to enter into legal proceedings wihout her husband's assistance.

## LEGAL MARRIAGE?

Marriage according to Mohammadan or Hindu rites, being potentially polygamous, is not recognised by our law. However, provision is made for the appointment of priests of any Indian religion as marriage officers with authority to solemnise the marriages of Indians in accordance with the rites of such religion, and if the marriage is so solemnised, a legal monogamous marriage comes into existence.

If you were married by a priest who was an appointed marriage officer, your marriage will be legally recognised. If not, provided your marriage is a monogamous union, it can be transformed into a legal marriage, by registering the marriage.

Provided your marriage is legally recognised, you and your children will inherit should your husband die intestate. If your marriage is not legally recognised, but your husband has executed a valid will wherein he leaves his assets to you and/or your children, you will inherit in terms of the will nevertheless.

*Wishing all friends and relatives*

*A Happy Diwali*



from

**MANGOOBHAI LALLOO DESAI AND FAMILY**

**30 BOUNDARY ROAD, CRAVENBY ESTATE, CAPE**

A JOYOUS DIWALI & PROSPEROUS
NEW YEAR



# BALA PREMJI

## JEWELLERS

**FOR EXQUISITE GOLD AND DIAMOND JEWELLERY IN 22ct AND 18 ct**

BJP

**7 DUINE STREET, RYLANDS ESTATE, ATHLONE 7764**

**TELEPHONE: 67-1992**

**Barclay Card &
Standard Bank Cards Accepted**

**TELECALL: 21-5400 EXT. 4758**



# સપ્તપદી...

## લગ્ન વખતની પ્રતિજ્ઞાઓ

લેખક : શ્રી ઉમિયાશંકર જોખાકર - લેનેશિયા

ભારતીય સંસ્કૃતિમાં લગ્નવિધિમાં આવતી સપ્તપદીનું ખૂબ મહત્વ છે. આજના જમાનામાં લોકોને આ વિધિ ગમતી નથી. તેઓને પશ્ચિમની રીતે થતાં લગ્નનો હવે મોહ થયો છે. ધીમે ધીમે હવે કરારપદ્ધતિથી લગ્ન થવા લાગ્યાં છે. આવા લગ્નમાં સાક્ષીઓ અને સરકારની જરૂર પડે છે. અગાઉના વખતમાં લોકોને પોતાના વચનની કિંમત હતી. એક વખત તેઓ જે બોલતા કે વચન આપતા તેનું તેઓ જાનને ભોગે પણ પાલન કરતા. હાલના સમયમાં ધાર્મિક વિધિથી લગ્ન થાય છે. તેમાં ધાર્મિક વિધિ કરતાં બાહ્ય ડોળ, દંભ, દેખાવ, ફોટા, જમણ વગેરેનું મહત્વ વધી ગયું છે. પરણનાર વર-કન્યા જે જે પ્રતિજ્ઞાઓ લે છે, તે તેમણે જાણવી ખૂબ જરૂરી છે. જાણ્યા પછી બંનેએ તેનું અક્ષરશઃ પાલન કરવાનું છે. એ પ્રતિજ્ઞાઓના પાલનમાં ગૃહસ્થાશ્રમની શોભા છે. ભારતીય સંસ્કૃતિ કાયદા કે કરારનું નહિ પણ પ્રેમનું બંધન સ્વીકારે છે. દેવ - બ્રાહ્મણ અને વડીલોની હાજરીમાં ઉચ્ચારેલાં વચનોનું પાલન કરવામાં ગૌરવ સમજે છે.

પ્રથમ આપણે વર શું વચનો ઉચ્ચારે છે તે વિચારીએ.

૧) હે વધૂ ! મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વગેરે ઘરની બધી વસ્તુઓ સંભાળવામાં મદદ કરવાં માટે મારા ઘરની અધિકારિણી થા.

૨) હે વધૂ ! મારા સ્થાનમાં બળવતી રહેવા માટે પરમાત્મા તને સહાયરૂપ થાઓ, કારણ કે તારા બળથી મારા બળનો વધારો થશે.

૩) હે વધૂ ! મારા ધનની વૃદ્ધિ અને સંભાળ માટે મારા ઘરની અધિકારિણી થા

૪) હે વધૂ ! મારા સુખની ઉત્પત્તિ માટે મારા ઘરની તું અધિકારિણી થા.

૫) હે વધૂ ! તું પરમાત્માને એવી રીતે પ્રાપ્ત કર કે મારા ઘરમાં રહેતાં સર્વને તું સારી રીતે સંભાળી શકે.

૬) હે વધૂ ! તું ઋતુઋતુ પ્રમાણે અનુસરી મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી થા.

૭) હે વધૂ ! તુ તમામ સુખોની પ્રાપ્તિ માટે પતિવ્રત ધર્મનું યથાર્થ પાલન કરી ઉત્તમ સુખ ભોગવનારી અને મારી આજ્ઞાનું પાલન કરનારી થા.

ઉપર મુજબ વર સાત પગલાં ચાલીને બોલે છે, તે વખતે કન્યા પણ પોતાના પતિને નીચે પ્રમાણે કહે છે :-

૧) હે સ્વામીનાથ ! મારાં અનેક પુણ્યોના પ્રભાવથી આપનાથી આ જગતમાં મને સૌભાગ્ય મળ્યું છે. દેવોએ આપને મારા સ્વામી બનાવ્યા છે, અને તેથી આપનાથી મારૂં સર્વ પ્રકારનું કલ્યાણ છે.

૨) હે સ્વામીનાથ ! આપનાં કુટુંબના વૃદ્ધ પુરૂષોના વચનનું પાલન કરી તેઓની આજ્ઞામાં રહી તેઓનું, બાળકોનું તથા કુટુંબનું હું પાલન કરીશ અને જેટલું ધન પ્રાપ્ત થાય તેથી સંતુષ્ટ રહીશ.

૩) હે પ્રાણનાથ ! આપ તથા આપના કુટુંબને દરરોજ સમયસર ઉત્તમ રસોઈ કરી ભોજન કરાવીશ અને તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ.

૪) હે સ્વામિન ! હું હંમેશ પવિત્ર રહી સૌભાગ્યના શણગારને ધારણ કરી મનથી, વચનથી અને સત્કર્મોથી આપને પ્રસન્ન કરીશ અને આપનું શુભ ચિંતન કરીશ.

૫) હે નાથ ! આપના આપત્તિના સમયમાં હું ધીરજ રાખીશ. આપના સુખથી હું પ્રસન્ન રહીશ. અને આપના સુખદુઃખમાં હું ભાગ લઈશ. તેમજ કોઈ પણ પરપુરૂષની કદાપિ ઈચ્છા કરીશ નહિ.

૬) હે નાથ ! હું આપના ઘરનું સર્વ કામ સારી રીતે કરીશ. આપના માતાપિતાની સેવા કરીશ અને આપના ભાઈઓનો પણ સત્કાર કરીશ. આપ જ્યાં જશો ત્યાં હું આપની સાથે આવીશ અને કદાપિ આપથી દૂર રહીશ નહિ. તેમજ ક્યારેય પણ આપને છેતરીશ નહિ. આપે મને છેતરવી નહિ.

*Wishing all friends and relatives*

*A Happy Diwali*
*and Prosperous New Year*

FROM MR. & MRS. R. RANCHOD AND MOTHER
**GRASSY PARK PHARMACY, BUSY CORNER CENTRE**
**VICTORIA ROAD, GRASSY PARK 7800 PHONE 72-8346**

Staff and Management wish all their clients

*A Happy Diwali*

## CENTRAL WATCHMAKERS AND JEWELLERS

**KLIPFONTEIN ROAD, RYLANDS**

**FULLY GUARANTEED WATCH REPAIRS**

EXPERT SURGICAL EAR- PIERCING

# *Diwali Greetings*



**DAHIBHEN KANA HIRA**
**NANOO KANA HIRA & FAMILY**

20 Farm Road
Rylands Estate

Phone
67-1539

૭) હે સ્વામીનાથ! હોમ તથા યજ્ઞાદિ ધર્મકાર્યને વિશે હું આપને સહાય કરીશ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થના દરેક કાર્યમાં હું આપની ઈચ્છા પ્રમાણે વર્તીશ. દેવ-બ્રાહ્મણ વગેરેની સાક્ષીમાં આપ મારા પતિ થયા છો અને મેં મારૂ શરીર આપને અર્પણ કર્યું છે.

કન્યાની ઉપર મુજબની સાતે પ્રતિજ્ઞાઓનો વિસ્તારથી વિચાર કરીએ. પ્રથમ પ્રતિજ્ઞામાં કન્યા કર્મના નિયમનું ગર્ભિત રીતે સૂચન કરે છે, તે જણાવે છે કે "મારા પુણ્યશાળી કર્મના પ્રભાવે હું તમને પ્રાપ્ત કરી શકી છું." સંસ્કારી, સદ્ગુણી, સશક્ત, સ્નેહાળ અને સ્વરૂપવાન પતિ કંઈ એમ ને એમ પ્રાપ્ત થતો નથી. જે કન્યાએ પૂર્વજન્મમાં સારા કર્મનું ભાથું ભેગું કર્યું હોય તે કન્યાને જ રૂપગુણ સંપન્ન પતિ મળે છે. તેવીજ રીતે સંસ્કારી, સદ્ગુણી અને રૂપવાન પત્ની પુણ્યશાળી પુરૂષનેજ મળે છે. સારાં મિત્રો, સારાં સગાઓ અને સારો જીવનસાથી એ ભૂતકાળના કે ગયા જન્મ-મિત્રો સારાં સગાંઓ અને સારો જીવનસાથી એ ભૂતકાળના કે ગયા જન્મનાં કરેલાં સત્કૃત્યો ઉપરજ આધાર રાખે છે. ટૂંકમાં આપણને જે જીવનસાથી મળે છે, તે આપણા કર્માનુસારજ મળે છે. જીવનસાથી મેળવી આપનાર કે તે કાર્યમાં મદદ કરનાર તો નિમિત્તમાત્ર છે. પૈસાવાળો અને બંગલાવાળો શોધેલો પતિ નિમિષમાત્રમાં રખડતો થયેલો જોવામાં આવે છે. દેખાવમાં સુંદર એવો શોધેલ જીવનસાથી પરિચય થતાં અનેક અવગુણોવાળો જણાય છે. આ બધું સ્પષ્ટ જણાવે છે કે દરેકને પોતાના કર્માનુસાર જ જીવનસાથી મળે છે, માટે જે જીવનસાથી મળે તે દૈવની ઈચ્છાથીજ મળ્યો છે તેમ માની તેની સાથે જીવન સુંદર રીતે, પ્રેમપૂર્વક, વફાદારી તેમજ સચ્ચાઈથી જીવવું જોઈએ. કન્યા કહે છે કે "આપનાથી જ મારું સર્વપ્રકારનું કલ્યાણ છે" એટલે કલ્યાણના સર્વ માર્ગો પુરૂષના સહકારથી સહજ રીતે સિદ્ધ થઈ શકે છે, જેમ પુરૂષ સ્ત્રી વિના અપૂર્ણ છે, તેમ સ્ત્રી પુરૂષ વગર અપૂર્ણ છે.

બીજી પ્રતિજ્ઞામાં ઘરને સુખ, શાંતિ અને સંતોષથી હર્યુંભર્યું કેમ રાખી શકાય તેની ચાવી છે. કન્યાને પોતાની ફરજનું બરાબર ભાન છે. તે બોલે છે કે "કુટુંબના વૃદ્ધોનું હું પાલન કરીશ - તેઓનું, બાળકોનું અને કુટુંબનું હું પોષણ કરીશ. ઘરની કાળજી રાખવાનું - દેખભાળ રાખવાનું કામ સ્ત્રી પોતે સંભાળી લેવાનું કહે છે. ઘરડાંઓ અને બાળકોને સંભાળવાનું કામ કેવું કપરૂં અને મુશ્કેલ છે, તે તો જેઓએ સ્ત્રીની મદદ વગર આ કાર્ય કર્યું હોય તેઓજ જાણી શકે. સ્ત્રી સહનશક્તિ અને પ્રેમની પ્રત્યક્ષ મૂર્તિ છે. અને આ સદ્ગુણો તેનામાં સહજ રહેલા હોવાથી તે આ કાર્ય પ્રસન્ન ચિત્તે કરી શકે છે. બાળકોને શક્તિશાળી, સંસ્કારી અને તેજસ્વી બનાવવાનું કામ પણ સ્ત્રીનું જ છે. આ વચનમાં કન્યા કહે છે કે "જેટલું ધન પ્રાપ્ત થાય, તેથી હું સંતુષ્ટ રહીશ." જે ઘરમાં સ્ત્રી થોડા ધનથી પણ સંતુષ્ટ રહે - સંતોષી રહે તે ઘરમાં સુખ અને શાંતિ હંમેશા રહે છે અને ઘરનાં બધાં શુભ અને કલ્યાણના માર્ગોજ ચાલ્યા કરે છે. આજના જમાનામાં સ્ત્રીઓના મોજશોખ એટલા બધા વધી ગયા છે કે તે પૂર્ણ કરવા પતિને અયોગ્ય રીતે ધન મેળવવાની ફરજ પડે છે. પતિની આવક કેટલી છે, તે કેવી રીતે ધન મેળવે છે તે પત્નીએ જાણવું જોઈએ. સ્ત્રીએ ઘરની આવક-જાવકનો હંમેશા ખ્યાલ રાખી ઘરનો ખર્ચ કરવાનું આમાં સૂચન છે.

ત્રીજી પ્રતિજ્ઞામાં કન્યા, પતિને તેમજ કુટુંબને સમયસર ઉત્તમ રસોઈ કરીને ભોજન કરાવવાનું જણાવે છે. આરોગ્યનો આધાર ભોજન ઉપર છે અને રસોઈ બનાવવાનું સ્ત્રીના હાથમાં છે. કુટુંબના માણસોનું આરોગ્ય જળવાય એ રીતે સ્ત્રીએ સાદો, પૌષ્ટિક અને સર્વ વિટામીનોથી ભરપૂર હોય એવી રસોઈ બનાવવાની છે. ઘરના આરોગ્યનો આધાર રસોઈ બનાવનાર સ્ત્રી ઉપરજ છે. વળી રસોઈ બનાવવાનું અગત્યનું કાર્ય સ્ત્રીએજ કરવાનુ છે. જે સ્ત્રી કે પુરૂષ રસોઈ બનાવે છે તે સ્ત્રી કે પુરૂષના ગુણદોષ અન્નમાં ઉતરે છે. અને આ અન્ન જે ખાય છે તેને તે અસર કરે છે. આ રસોઈનુ કામ એટલું બધું મહત્વનું છે કે સ્ત્રીએ આ કામ બીજા કોઈને સોંપવાનું નથી. લૉજ કે હોટલમાં ખાવાથી કેટલુ નુકસાન છે તે આ ઉપરથી સમજી શકાશે.

ચોથી પ્રતિજ્ઞામાં પત્ની, પતિને પ્રસન્ન કરવાનું કહે છે. પોતાનો પતિ કઈ રીતે પ્રસન્ન થાય તેનાજ વિચારો પત્ની કરતી રહે છે. તે પતિને પ્રસન્ન કરવા માટે મન-વચનથી શુદ્ધ રહી સત્કર્મો કરવા ઈચ્છા રાખે છે. અને પતિનું શુભ ચિંતન કરવાનું જણાવે છે. આમ બંનેએ એક બીજાના સત્કર્મોથી એકબીજાને પ્રસન્ન રાખવાનું આ પ્રતિજ્ઞામાં સૂચન છે.

પાંચમી પ્રતિજ્ઞા પતિ-પત્નીના પ્રેમની પરાકાષ્ટા છે. પત્ની કહે છે કે

"આપના આપત્તિના સમયમાં હું ધીરજ રાખીશ. આપના સુખદુઃખમાં હું ભાગ લઈશ. કદી પરપુરૂષની ઈચ્છા કરીશ નહિ." સુખમાં સાથ આપવાવાળા ઘણાં મળે છે. આપત્તિના સમયે બધાં સગાં-મિત્રો દૂર ચાલ્યા જાય છે. પતિ હતાશ બની જાય છે ત્યારે પત્ની તેને ઉત્સાહ પ્રેરે છે. પત્ની પોતાના સુખની ઈચ્છા કદી કરતીજ નથી. તે પતિના સુખમાંજ પોતાનું સુખ માને છે. ભારતીય સંસ્કૃતિની આ વિશેષતા છે. આ પ્રતિજ્ઞામાં ઘણું ઊંચું તત્વજ્ઞાન સમાયુ છે. સુખ પોતાનું નહિ પણ સામી વ્યક્તિનુંજ જોવું. જે પત્ની સ્વાર્થી બને છે અને પોતાનાજ સુખ માટે વિચાર કરે છે તે કદી સુખી થઈ શકતી નથી તેમજ કુટુંબને સુખી કરી શકતી નથી. પત્ની તો પોતે દુઃખી થઈ બીજાને સુખ આપનારી બની રહે છે. ભારતની પત્ની ખરેખર, ત્યાગની મૂર્તિ છે.

છઠ્ઠી પ્રતિજ્ઞામાં કન્યા સાસરિયાઓને પોતાનાં કેવી રીતે કરી લે છે તે જણાવ્યુ છે. પત્ની કહે છે કે "તમારા માતાપિતા તે મારા માતાપિતા ગણીશ. તમારા ભાઈબહેનોને મારાં ભાઈબહેનો ગણીશ. તમારા મિત્રોનો સત્કાર કરીશ." આમ પત્ની પતિના કુટુંબમાં દૂધમાં સાકરની માફક ભળી જાય છે. વળી પત્ની સચ્ચાઈ અને વફાદારીની ખાતરી આપે છે. જે ઘરમાં પતિ-પત્ની વફાદારી અને સચ્ચાઈથી જીવે છે તેમના જીવનમાં કંકાશ અને ઝગડાને સ્થાન મળતું નથી. હિંદુ ધાર્મિક લગ્નવિધિ પ્રમાણે પતિ-પત્ની આવી પ્રતિજ્ઞા લીધા પછી માતાપિતાથી અલગ રહેવા પ્રયત્ન કરે છે તે કેટલા હાસ્યાસ્પદ છે. માતાપિતા-વૃદ્ધોનું અપમાન કરવું. તેમનાથી અલગ રહી સ્વતંત્ર નહિ પણ સ્વછંદી જીવન જીવવા આગ્રહ રાખવો એ તેના સુખ-શાંતિનું પતન છે. હિંદુ સમાજમાં આ જાતનું વાતાવરણ વધુ ને વધુ ઘેરૂં બનતું જાય છે. લગ્ન પછી પતિ-પત્ની પોતાનાં માતાપિતા અને વડીલોને છોડી દેતાં શીખ્યાં છે. માતાપિતાને દુઃખ દરિયામાં ધકેલી દેનાર પતિ-પત્ની કદી સુખી થઈ શકતાં નથી.

સાતમી અને છેલ્લી પ્રતિજ્ઞામાં કન્યા કેવી અને કેટલી જવાબદારી સંભાળવાનું જણાવે છે તે જોઈએ. ધર્મ-અર્થ અને કામ એ ત્રણે સ્ત્રીની સહાય વિના મેળવવા શક્ય નથી. સ્ત્રી એ આ ત્રણે પુરૂષાર્થની પ્રેરણા અને શક્તિ છે. ધર્મ શું છે તે પુરૂષ કરતાં સ્ત્રી વિશેષ જાણે છે. ધાર્મિક ક્રિયાઓ કેમ કરવી, તેમાં શું શું જોઈએ તે બધું પુરૂષ કરતાં સ્ત્રી વધારે જાણતી હોય છે. હિંદુ ધર્મ પ્રમાણેની ધાર્મિક ભાવના સ્ત્રીઓ વડેજ ટકી રહે છે. પત્નીજ પોતાનાં પતિને ધર્મ અને સત્યના પંથે વાળી શકે તેમ છે. આથીજ તેને ધર્મપત્ની કહેવામાં આવે છે. અર્થ એટલે લક્ષ્મી. આના ઉપર પણ પત્નીની સત્તા શાસ્ત્રોએ સ્વીકારી છે. પુરૂષ લક્ષ્મી કમાય છે અને સ્ત્રી તેને સાચવે છે. પત્નીએ પૈસા ક્યાં અને ક્યારે વાપરવા એ તેની ધાર્મિક બુદ્ધિને આધીન હોવુ જોઈએ. પુરૂષો ધનનો દુર્વ્યય ન કરે તે માટે ધન સ્ત્રીને જ સુપ્રત કરવું એમ આ પ્રતિજ્ઞા જણાવે છે. જે ઘરમાં સ્ત્રી ધનની રક્ષક બને અને ધન કેવી રીતે અને કેમ વપરાય છે તેનું નિરીક્ષણ કરી ધનને ભગવાનના કામમાં વાપરે, તે ઘર દિવ્યતા અને ભવ્યતાથી ભરેલુ હોય છે. કામ એટલે કામનાઓ-ઈચ્છાઓ. જીવનમાં કેવી ઈચ્છાઓ, કેવી કામનાઓ પ્રગટાવવી જોઈએ તે પણ સ્ત્રીને આધીન હોવી જોઈએ. સ્ત્રી ધારે તો પતિને મોજશોખ અને વૈભવના પંથે દોરી જઈ શકે અને ધારે તો તેને ભક્ત, સંત કે મહાત્મા બનાવી શકે. સ્ત્રી ધારે તો બાળકોને દિવ્ય અને તેજસ્વી બનાવી શકે અને ધારે તો તેને વૈભવી અને મોજશોખવાળાં બનાવી શકે. ખરેખર હિંદુ સ્ત્રી એક દેવી છે. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે :

> યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા :
>
> જે ઘરમાં સ્ત્રીઓનુ સન્માન થાય છે ત્યાં દેવોનો વાસ હોય છે.

પતિ-પત્નીની આ ભવ્ય અને મહાન "સપ્તપદી"ની ભવ્ય પ્રતિજ્ઞાઓ વાંચી-સમજી તેનું પાલન કરી ભારતીય આદર્શ ગૃહસ્થાશ્રમને ધન્ય બનાવો.

---

*Wish all a Happy Diwali and Prosperous New Year*



# ENOS BANDERKER

of

# MILLER WEEDON TRAVEL

**SUITE 27A KENILWORTH CENTRE,**
**EAST GATE, KENILWORTH 7700**

**PHONE 61-1065/6/7**
**AFTER HOURS 71-6750**

**Best Wishes** FROM YUSUF BANDERKER & BARBARA ARMSTRONG, BUDY PATEL

# ટીપે ટીપે સરોવર ભરાય

સંપાદક :- પંડિત વિનયચંદ્ર બી. પટેલ
આચાર્ય : શ્રી વૈદિક ગુજરાતી શાળા · પીટરમેરિત્સબર્ગ – નાટાલ

એક મહાત્માની ગુરૂ હતા. તેમનો એક શિષ્ય હતો. તે 'ગીતા'નો અભ્યાસ કરતો હતો. પરન્તુ તે પોતાના મનને વારંવાર મારે અને તેનું મન પાછું વારંવાર એને દગો દે. છેતરી જાય. એ શિષ્ય બહુ મહેનત કરે પણ મન મરે નહિ. મનને કાબુમાં લાવી શકે નહિ. આખરે થાકીને તેના ગુરૂજી પાસે ગયો. એમને હૃદય ખોલીને વાત કરી. પોતાનાં ભગવાં વસ્ત્ર પાછાં લઈ લેવાની વિનંતી કરી.

ગુરૂ મહાત્માની હતા. તે સમજી ગયાં કે એમાંએ બિચારા શિષ્યનો દોષ નથી. એણે ભગવદ્ગીતાજીના અક્ષરો વાંચ્યા છે પણ અક્ષરોમાં રહેલું સત્ય જાણ્યુ નથી. શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યુ કે, હે અર્જુન! મન તો શનૈ: (ધીમે ધીમે) (અધ્યાય ૬, શ્લોક ૨૫ શનૈ: શનૈરૂપરમેદ્) વશ થાય છે. તેમાં ઉતાવળ કરનારો તો ગોથું ખાય છે.

એટલે સાધુ મહારાજે શિષ્યને કહ્યું : 'આજે રાતના તું મારી પાસે આવજે. સામેના જંગલમાંથી આપણે એક જડીબુટ્ટી શોધી લાવીશું. એ જડીબુટ્ટીની દવાથી તારું મન તારા કબજામાં આવી જશે.'

સૂચનામુજબ શિષ્ય તો જંગલમાં હાજર થઈ ગયો. એ ખુશખુશ હતો. તેને થયું કે જડીબુટ્ટીથી મન વશ થતું હોય તો તો મારી કેટલી બધી મહેનત બચી જાય!

મહાત્માની ગુરૂ અને શિષ્ય જંગલમાં આગળ ઊપડયા. જંગલમાં એક નાનકડી કેડી પર બન્ને જણા ચાલવા માંડયા. અંધારું બહુ જણાય ત્યારે ગુરૂની પાસે જે વીજળીની ચાંપ (બેટરી-ટોર્ચ) હતી, તેને જરાક સતેજ કરે, રસ્તો દેખાય એટલે પાછી ટોર્ચ બંધ કરી દે. માર્ગમાં ચાલતાં ગુરૂજીએ કહ્યું :- 'બેટા પરમાનંદ, આમને આમ આપણે ૧૫ માઈલનો રસ્તો અંધારામાં કાપવાનો છે.'

'પંદર માઈલનો? પણ વાંધો શું છે ગુરૂજી! આ વીજળીની ટોર્ચ તો છે ને!'

ગુરૂજીએ જવાબ આપ્યો 'વીજળીની ટોર્ચ કંઈ પંદર પંદર માઈલના આખા રસ્તાને એક સાથે પ્રકાશ આપવાની છે?'

પરમાનંદે કહ્યુ, 'એકી સાથે આખા રસ્તાને પ્રકાશમય જોવાનું કામ પણ શું છે, ગુરૂજી?'

'ત્યારે' ગુરૂજી હવે તો કેડી ઉપરજ ઊભા રહ્યા.

'આપણને કામ પૂરતો પ્રકાશ મળે, એટલે થયું. એટલો પ્રકાશ આપણને તરત અંધારામાં થોડોક આગળનો રસ્તો બતાવે એટલે બસ. પછી વળી બીજો પ્રકાશ!'

'એમ? ત્યારે પરમાનંદ! ભલા માણસ! તને જડીબુટ્ટી તો જડી ગઈ છે. હવે આગળ શું કરવા જવું?'

પરમાનંદે તુરત જવાબ આપ્યો, '<u>કઈ જડીબુટ્ટી</u>?'

ગુરૂજીએ જવાબ આપ્યો, 'જડીબુટ્ટી તો ગાંડાભાઈ! હમણાંજ તેં સમજણ દેખાડી એ જડીબુટ્ટી. જે રીતે તું આ આખા રસ્તાને પ્રકાશમય જુએ છે, જો કે તારું સાધન (તારી વીજળીની ટોર્ચ) તો પાંચ દસ ડગલાંનેજ પ્રકાશ આપે તેવું છે. એજ રીતે તારે તારા આખા મનને જીતી લેવાનું છે. મન તને પળે પળે ભરમાવે છે. એનો અર્થ એ કે થોડો થોડો રસ્તો પ્રકાશમય કરતાં કરતાં, જેમ તું પંદર માઈલનો રસ્તો પ્રકાશમય બનાવી શકે છે, તેમ પળપળ કરતાં, તું આખુ જીવન

*Diwali Greetings and Best Wishes for a Bright New Year*



*Mr & Mrs S. Ramjee and Family*

*of*

**PROGRESS RADIO & T.V.**

53 Main Road, Claremont 7700

*Diwali Greetings*

FROM

**RAINBOW SHOE REPAIRS & REMBRANDT SHOE REPAIRS**

**35 EPPING AVENUE, ELSIES RIVER**

**HEMENDRAKUMAR, MANOJKUMAR, DEEPAK & SADHNA DALPATBHAI PRAG**

36 RAJAH ROAD, CRAVENBY    PHONE 98-9378

*Diwali Greetings*

from

**H. B. GOVAN & FAMILY**

of

***Salon Harry***

**LADIES & GENTS HAIR STYLIST**

PAINLESS EAR-PIERCING SERVICE AVAILABLE

38 Dorp Street, Cape Town
Phone: 22-1908

42 Portland Road, Salt River.
Phone: 55-8970

***Table Valley Take-aways***

103 Buitengracht Street, Cape Town 8001.

જીતી શકે છે. મન તારું તને પળેપળે ભરમાવે છે. એનો અર્થ એ છે કે તું પળપળે જાગતો રહે. આ તો તું સવારે બે માળા ફેરવે – દસ પંદર મિનિટ જપ કરી લે ને પછી આખો દિવસ મનને ગમે ત્યાં ભટકવા દે. એમ મન કંઈ તને જીતવા દે? જડીબુટ્ટી, તો દરેક પળમાં રહી છે. પળ પળ કરતાં જીવનનો કેટલો બધો વખત કપાઈ જાય છે? 'ટીપે ટીપે સરોવર ભરાય' એ કહેવત કહેનારે અમથી કહી છે? માટે બેટા પરમાનંદ! તું આ રીતે મનની પાસેથી કામ લે. આ આપણી જડીબુટ્ટી.'

પ્રિય વાચકોને આ જડીબુટ્ટીની ખરી સમજણ – યથાર્થ રૂપમાં આવી જાય એવી પ્રભુ પ્રાર્થના છે.

---


ૐ

દિવાળીના શુભ પર્વના અભિનંદન.
નૂતન વર્ષ આપને અને આપના આપ્તજનોને
સર્વ પ્રકારે ઉત્કર્ષને માર્ગે દોરે અને
આપની અભિલાષાઓ સંપૂર્ણ કરે, એજ
પરમકૃપાળુ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થનાં છે.

**પરભુભાઈ પરસોતમ ભગત અને સહકુટુંબ**
**44 JANE AVE., RYLAND'S ESTATE**
**PHONE: 67-4815**



Greetings
and
all good wishes
for Diwali
and
the New Year

G.B. Patel & Family & P.J. Patel & Family

ESQ

**ESQUIRE PRESS (PTY.) LTD.**
**HEIN ROAD, ATHLONE INDUSTRIA**

# *BREATHING

BY SWAMI VIVEKANANDA

Breathing exercises have been very popular in India from the most ancient times, so much so (that) they form a part of their religion, just as going to church and repeating certain prayers. . . . I will try to bring those ideas before you.

I have told you how the Indian philosopher reduces the whole universe into two parts — *pràna* and *àkà'sa.*

*Pràna* means force — all that is manifesting itself as movement or possible movement, force, or attraction . . . Electricity, magnetism, all the movements in the body, all (the movements) in the mind — all these are various manifestations of one thing called *pràna*. The best form of *pràna,* however, is in (the brain,) manifesting itself as light (of understanding). This light is under the guidance of thought.

આ જગત ઉપર કળીયુગ આવ્યા ને કેટલાક વર્ષો વીતી ગયા છે. ઘણાને વિચાર થાય છે કે આ કળીયુગનો અંત ક્યારે આવશે. પણ અત્યારે મનુષ્ય જે જીવન ગાળી રહ્યા છે તે પ્રમાણે કળીયુગનો અંત બીલકુલ આવશેજ નહીં. કારણ મનુષ્યમાં દેહ શુધ્ધિ, માનસ શુધ્ધિ, બુધ્ધિ શુધ્ધિ આજના વખતમાં બીલકુલ નથી. જેમ જેમ વખત પ્રસાર થાય છે તેમ તેમ જુઠાણુ, લુચ્ચાણુ, સ્વાર્થીપણુ, વેરભાવ, લડાઈ, ગર્વ વગેરે વધતુજ જાય છે. આ બધી કુટેવો સામે મનુષ્યમાં સામનો કરવાની હિમ્મત કે શક્તિ હોય તો જ કળીયુગનો અંત આવી શકે. દાખલા તરીકે પાંડવો એ મહાન મહાન સંકટો ભોગવ્યા બાદ રાજપદ મેળવ્યું. ધર્મરાજા ગાદી ઉપર બેઠા ત્યારે પ્રજાના ખોટા, જુઠા, સ્વાર્થી ચુકાદા રાજા પાસે ન્યાય મેળવવા આવવા લાગ્યા ત્યારે ધર્મરાજાએ શ્રી કૃષ્ણ ભગવાનને પૂછ્યું કે "મહારાજ! આમ કેમ થવા માડયું?" શ્રી કૃષ્ણે જવાબ આપ્યો કે હવે સત્યનો અંત આવી ગયો છે, અને હવે કળીયુગ બેસે છે, જેથી અત્યાર પછી પણ આના કરતાં ખરાબ અસત્ય ની તકરાર ના ચુકાદા આવવાના તેમાં સત્યના ન્યાયની કંઈ પણ ગણતરીજ ન રહેશે. પાંડવો એ વિચાર કર્યો કે હવે રાજ ભોગવવામાં કંઈ પણ ફાયદોજ નથી જેથી રાજગાદી અર્જુનના પુત્રના પુત્ર પરિક્ષિત ને સોંપી દઈ પાંચે પાંડવો અને દ્રૌપદી વનમાં રામનુ નામ અને ગોવિંદના ગુણ ગાતા ગાતા નીકળી પડયા. ત્યારે કળિને બહુંજ ખોટું લાગ્યું કે મારે આવવાનું થયું ને પાંડવો રાજ છોડી કેમ ચાલી ગયા. એ લોકોએ મને નબળો અને નીચ ગણી કાઢયો જેથી હું પણ જોઉં છું કે એ લોકોમાં કેટલું સત છે. એમ કરીને પાંડવો ને દુઃખ દેવા અને સત છોડાવવા એમની પાછળ નીકળી પડ્યો. રસ્તામાં જતાં જતાં પાંડવો તથા દ્રૌપદીને બહું દુઃખી કર્યા પરંતુ એ લોકોએ સામનો કરી સત્ય ન છોડયું. છેવટે પાંડવો કળીરાજને જીત્યા અને કળીરાજને શિક્ષા કરી ચાલતા થયા.

**Wishing all our Hindu Clients a happy Diwali and a prosperous New Year.**

Standard Bank

The Standard Bank of South Africa Limited

*(Registered Commercial Bank)*

# સંતોષ

રજૂ કરનાર : અં. સૌ. તારાબહેન છગનલાલ કારા
પીટરમૅરિટ્સબર્ગ - નાટાલ

એક દિવસ કોઈ એક મોરને પોતાનો અવાજ કઠોર જાણીને ઘણું દુઃખ લાગ્યું. આ દુઃખને હવે કેવી રીતે દૂર કરે ? મોરે સરસ્વતી દેવીને પ્રાર્થના કરી - "હે દયાળુ દેવી ! હું તારું વાહન છુ છતા પણ સાદની બાબતમાં કોયલ મને જીતે છે. આ તો તારી કીર્તિને બટ્ટો લાગે છે." મોરની પ્રાર્થના સાંભળીને દયાળુ દેવીએ તેનું સમાધાન કર્યું - "મોર સાહેબ, તું એમ જાણે છે કે મીઠા સ્વર સાથે કોયલ સુખી છે, તો તું પણ સુંદર પીછાંથી સુખી છે." આ સાંભળીને મોર બોલ્યો - "હે દેવી ! અવાજ વગર એકલા સુંદરપણાને શું કરીએ ?" દેવીએ જવાબ આપ્યો - "મે ઈશ્વરે દરેકને એક ગુણ તો આપ્યોજ છે. જેમ તને સુંદરપણું, તેમ ગરૂડને બળ, કોયલને સુસ્વર, પોપટને મનુષ્યવાચા અને કબૂતરને શાંતિ ; જેમ બીજા પક્ષીઓ પોતપોતાના ગુણથી સંતોષ માને છે તેમ તારે પણ સંતોષ માનવો, નહિ તો અમથી તૃષ્ણા કરીને વગર દુઃખે દુઃખ વહોરી લઈશ." દેવીની શિખામણ સાંભળીને મોરને ઘણોજ સંતોષ થયો.

આ વાર્તા ઉપરથી આપણે બોધ લેવાનો કે પ્રભુએ આપણને જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિમાં આપણે સંતોષ માનવો. કોઈની અદેખાઈ આપણે ના કરવી. દરેકને કંઈ ને કંઈ ખોટ તો હોયજ. આપણે એમ ન સમજવાનું કે પ્રભુએ આપેલી સ્થિતિને આપણે સુધારવા પ્રયત્ન ન કરવો. હાથ પગ જોડીને બેસી રહેવું એ સંતોષ નહીં કહેવાય પણ આળસ કહેવાય. આપણે સંતોષી બનવું અને સાથે સાથે આગળ વધવાનુ પણ શીખવું.

# શ્રી કૃષ્ણ જયંતિ

લેખિકા : લક્ષ્મીબહેન એમ પટેલ    બીનોનીની ગુજરાતી શાળા - ટ્રાન્સવાલ

(રાગ- હો હો રે તારું કેમનું થવાનું.......)
હો હો રે આજે જયંતી ઉજવાય છે.
હો હો રે કૃષ્ણ જયંતી ઉજવાય છે.
જયંતી ઉજવાય છે ને ભક્તો દોડી જાય છે. હો હો રે.....
શ્રાવણ માસ અને અષ્ટમીનો દીન છે.
મધરાતને સમે સહુ નિંદ્રામાં લીન છે.
કારાગૃહમાં કાનજી પ્રગટ થયા માનમાં    હો હો રે.....
વાસુદેવ દેવકી તો ચીંતા કરે છે.
બારણે ચોકીદાર પહેરા ભરે છે,
કૃષ્ણ પ્રભુએ પિતા સમજાવ્યા સાનમાં    હો હો રે.....
માથે મુકી ટોપલામાં યમુના મારગ જાઓ,
જશોદાજીની બાળકીનો બદલો કરી લાવો,
વાસુદેવ તો ઝટપટ આવી ગયા ભાનમાં    હો હો રે.....
મથુરામા જન્મીને ગોકુળ મોટા થાય છે,
નંદ જશોદાને હૈયે આનંદ થાય છે,
ગોપી ગોવાળો તો આવી ગયા તાનમાં    હો હો રે.....
નંદ બાવાનો લાડકવાયો બાળ છે,
માતા જશોદાનો હૈયાનો હાર છે,
ગાવલડી ચરાવવાને જાય છે કૃષ્ણ રાનમાં    હો હો રે.....
દુઃખીયાંનો તારનાર કનૈયો કહેવાય છે,
ઘણા ઘણા દુઃખડાં તો કૃષ્ણ નાસે જાય છે,
કૃષ્ણપ્રભુને "લક્ષ્મી" ગાયા કરે ગાનમાં    હો હો રે.....
કૃષ્ણપ્રભુને ભક્તો ગાયા કરે ગાનમાં    હો હો રે..... આજે

*We wish all Friends & Customers A Happy Deepawali and a Prosperous New Year*



for

**AIR - SEA - & RAIL BOOKINGS**

CONSULT

# PARKERS

## TRAVEL AGENCIES

**(PTY.) LTD.**

**30 ALBERT ROAD — WOODSTOCK, CAPE**

Phones: 55-8348/9 Telex 57-6526 SA

Telegrams: "PARKTRAVEL" P.O. Box 4368, C.T.

**Contact LALLA GOVAN PATEL**

(Public Relation Officer)

**TELEPHONE 77-3909 After Hours**

**FOR ALL YOUR**

**TRAVEL REQUIREMENTS**

**CONTACT**

4

# Four Seasons Travel Agency (Pty.) Ltd.

International Travel Agents

**AIR — SEA — RAIL**

**HEIN ROAD — ATHLONE CAPE**

P.O. Box 1, Athlone, Cape

Telephones: 67-7190 67-7240, A/Hours: 43-6472

# સંપ ત્યાં જંપ

લેખક
છોટુભાઈ ભીખાભાઈ પટેલ
વુસ્ટર - કેઈપ

આપણી ચઢતી પડતીનો, કલ્યાણ અકલ્યાણનો, હિત અહિતનો આધાર આપણી વૃત્તિ પર રહેલો છે. જો આપણે આપણું હિત, કલ્યાણ, ભલું, ચઢતી, ઉન્નતિ, વિકાસ કરવા ઈચ્છતા હોયએ તો આપણી વૃત્તિ ઉચ્ચ હોવી જોઈએ. અધમ અને હીન વૃત્તિથી આપણુ ભલુ ન થાય. સદભાગ્ય વિના માનવીને સત્કાર્ય તરફ પ્રીતી થતી નથી.

બે હાથ વિના તાળી પડતી નથી એ સત્ય છે પરંતુ બહેરો સાંભળે નહિ અને આંધળો દેખી શકતો નથી તેમ અભાગીઓ સમજી શકતો નથી. સૌ કોઈએ સારી પેઠે સમજવું જોઈએ કે સંપ અને સંગઠન વિના ઉન્નતિ થતી નથી. એક વૃદ્ધ મરતી વખતે તેના ચારે દીકરાને પાસે બોલાવી લાકડી અને લાકડીઓનો ભારો ભાંગવાનો દાખલો આપી સંપ અને સંગઠનનો મહીમા સમજાવ્યો અને કહ્યુ કે હું તો હવે આ દુનિયામાંથી જવાનો છું પણ તમારે સુખી થવુ હોય તો ચારે ભાઈઓ સંપીને રહેજો, મન મોટા રાખજો. દુનિયા તો ફાટફૂટ જોતીજ હોય છે. સમાજ ને ફજેતો બતાવવામાં ડહાપણ નથી. ભૂખણમાં શોભા નથીં. શોભા તો સમાજમાં માન મેળવી વધારવામાં છે. દોરડીનો એક તાર તૂટી જાય છે. અનેક તારથી બનેલું દોરડું તૂટતું નથી. એ પણ સંપ અને સંગઠન નોજ મહીમા બતાવે છે. સંપીને રહેવામાંજ મહત્તા અને લાભ છે. કુસંપમાં હાનિ છે. આપણને નબળા બનાવે છે. આથી કુસંપથી બાર ગાઉ દૂર રહેવામાંજ ડહાપણ છે. આપણામાં શ્વાન વૃત્તિ જ્યાં સુધી હોય ત્યાંસુધી ઉન્નતિની શકયતા નથી. ભસવું એ કૂતરાનો સ્વભાવ છે. એકે ચોર જોયો એટલે ભસ્યુ, તેની પાછળ આખા ફળિઆના કૂતરાંએ ભસવાં માંડયું પણ કોઈ કોઈને પૂછતું નથી કે પહેલું કૂતરૂં કેમ ભસે છે. ગાડરિયો પ્રવાહ પણ એજ રીતે એક ઘેટુ કૂવામાં પડયું તેની પાછળ બધાંજ દોડી કૂવામાં પડયા તેના કરતા પરમાત્માએ અકકલ આપી છે તો તેનો સદુપયોગ કરવો.

બાર ભૈયા અને તેર ચૂલા, બાર મારવાડી ને એક ચૂલો. બાર ભૈયા પરદેશ પૈસા કમાવા ગયા ત્યાં દરેક પોતપોતાનો ચૂલો સળગાવી ભોજન બનાવે. સમય બગાડે ત્યારે મારવાડી એકજ રસોઈ બનાવે અને ૧૧ કામે જાય તો સમય અને પૈસાનો બચાવ થાય માટે સંપીને કામ કરો, ઉન્નતિ સાંધો અને આગળ વધો. આપણે માનવી છીએ-પશુ નથી. પશુ વૃત્તિ અધમ છે. પૈસોજ માનવીને માનવ બનાવતો નથી. જ્ઞાન વિનાના પૈસાની કીમત નથી. વિવેક એ નવમી નીધી છે. આકે સીધ્ધી આપણે મેળવી હોય પણ વિવેક વિના એ નકામી છે. તમે ઉચ્ચ પદ મેળવ્યુ હોય સાધન સંપન્ન બન્યા હોય, વિદ્વાન હો જ્ઞાની હો પણ વિવેક નહિ તો વૃત્તિને હિન બનતા વાર નહિ લાગે અને હિન વૃત્તિ એટલે સર્વે વાતે દેવાળું સર્વે પર પાણી. માનવ જીવન ધૂળ. જીવ્યુ ફોગટ માનવ ફેરો વ્યર્થ ન જાય અને આપણે સન્માર્ગે ગતી કરવાને સદભાગી બનીએ એ માટે દીન દયાળ પરમાત્મા આપણને સદબુદ્ધિ આપે, સંપીને રહીએ એવી હાર્દિક પ્રાર્થના આપણે નિત્ય કરતા રહીએ.

---

## Lost

MONEY LOST, NOTHING LOST
COURAGE LOST, MUCH LOST
HONOUR LOST, MORE LOST
SOUL LOST, ALL LOST



# Diwali Greetings



from

# HEIN'S SERVICE CENTRE

*Mercedes/BMW and all General Repairs*

*Steam Cleaning, Elec. Tune-up ★ Free Lubrication with Oil Change*

**Come to Shell for answers**

**Noll Avenue, Athlone Industria 7764.** **Phone 67-9037/8**

# ગુજરાતી સાહિત્યની અમર કવિતાઓ

## હરિને ભજતાં

હરિને ભજતાં હજુ કોઈની લાજ,
　　　જતાં નથી જાણી રે……(ટેક)
એમ શ્રુતિ - સ્મૃતિના સંત વદે વેદ વાણી રે. - હરિને

વાલે ઉગાર્યો પ્રહ્‌લાદ હરણાકંસ મારી રે;
વાલે આપ્યું વિભીષણને રાજ, રાવણને સંહારી રે. - હરિને

વાલે અંબરીષ સારૂ અવતાર, આપે હરિ ધરિયા રે;
વાલે ગજની તે કીધી સાર, ગરુડ પરહરિયા રે. - હરિને

વાલે મીરાંબાઈના ઝેર, હળાહળ પીધાં રે;
પૂર્યાં પંચાળીનાં ચીર, પાંડવકામ કીધાં રે. - હરિને

વાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યુ અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે. - હરિને

વાલે આગે સંતોનાં કામ, પૂરણ કરિયાં રે;
ગુણ ગાય ગેમલ કર જોડ, હેતે દુઃખ હરિયાં રે. - હરિને

ગેમલ

## વિનાશકાળે વિપરીત બુદ્ધિ

સીતા સમાણી સતી કોણ શાણી ?
પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી;
કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

કેવા હતા કૌરવ કાળજ્ઞાની !
કુસંપમાં પાછી કરી ન પાની;
કર્યાં મૂઆ દ્રોહ સહિત ક્રોધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

નિપુણતા ન્યાય વિષે ધરાવી,
નળે સુકીર્તિ જગમાં જમાવી;
ગુમાવી ગાદી દ્યૂતને વળૂંધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

યદુપુરી યાદવ યાદ આણો,
સુરા વિષે જીવ ભલો ભરાણો;
મૂઆ મૂકી સર્વ શરીરશુદ્ધિ,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

રૂડો હતો રાવણ શાસ્ત્રવેત્તા,
નવ ગ્રહો નિકટમાં રહેતા;
હરી સીતા કષ્ટ લહ્યું કુબુદ્ધિ,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

-બુલાખીરામ

# સુવાક્ય - કુવાક્ય

સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે,
　　કુવાક્યથી ક્લેશ હમેશ લાધે;
અરે ! કશો એક વિવેક આણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

સુવાક્યથી વિશ્વ બધું વખાણે,
　　કુવાક્યથી કીર્તિ જતો ન જાણે;
પડે-ચડે જીભ વડેજ પ્રાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

પ્રજા જુઓ પોપટ ઘેર પાળે,
　　સુખે સૂઈ ઘુડ શકે ન માળે;
ઉચ્ચારનું કારણ એજ જાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

ભલી જીભે ભાઈ ભલાઈ તોલે,
　　બૂરી જીભે લોક બૂરાઈ બોલે;
ગરીબ કે રાજકુમાર રાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

સુવાક્યથી દૂધ દહીં ઘી દેશે,
　　અમૂલ્યનું મૂલ લગાર લેશે;
કુવાક્યથી પાય પળી ન પાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

સુખેથી રે માનવી વેણ મૂક્યું,
　　ફરીથી તેં તે ન ગળાય થૂંક્યું;
વિમાસશો એવી હશે જ હાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

છરા તણો છેદ ઉપાય સૂઝે,
　　કુવાક્યનો કાપ કદી ન રૂઝે;
ન કાચની કોડી મટે જ કાણી,
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

ભલો-બૂરો તોપ તણો ભડાકો,
　　હવા વિષે હોય જતો હડાકો;
કહો તમે, કેમ શકાય તાણી ?
　　વિચારીને વીર ઉચ્ચાર વાણી.

(દોહરો)

વિચારીને વાણી વદો,
　　કદી ન વણસે કામ,
ભાર તોલ તો જન ભલા,
　　ભાખે દલપતરામ.

કવિ દલપતરામ



# વૈરાગ્યમૂર્તિ

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરિયે કોટિ ઉપાય જી,
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરી ત્યજાય જી.
વેશ લીધો રે વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી,
ઉપર વેશ તો આછો બન્યો, માંહી મોહ ભરપૂર જી.
કામ, ક્રોધ, લોભ, મોહનું જ્યાં લગી મૂળ ન જાય જી,
સંગ પ્રસંગે તે પાંગરે, જોગ ભોગનો થાય જી.
ઉષ્ણ રતે અવનિ માંયે, બીજ ન દીસે બહાર જી,
ઘન વરસે વન પાંગરે, એમ ઈન્દ્રી વિષય આકાર જી.
ચમક દેખી લોહ ચળે, એમ ઈન્દ્રિ વિષય સંજોગ જી,
અણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી.
ઉપર તજે ન અંતર ભજે, એમ ન સરે અર્થ જી,
વણસ્યો રે વર્ણ આશ્રમથી અંતે કરશે અનરથ જી.
ભ્રષ્ટ થયો જોગ ભોગથી જેમ બગડ્યું દૂધ જી,
ગયું ઘૃત મહી માખણથી આપે થયું રે અશુદ્ધ જી.
પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગી જી,
નિષ્કુળાનંદ એ નરનો વણસમજ્યો વૈરાગ જી.

નિષ્કુળાનંદ



# કાવ્ય પંક્તિની ઓળખ

લેખક: ગણેશભાઈ પી. લાલા કેઈપટાઉન

"ગૌરવ પામશો દાને, ના કદી ધનસંચયે,
મૂઓ ઊંચા રહે મેઘો, નીચો છે જળસાગર."

વાદળાંઓ આકાશમાં ગૌરવ ભર્યું સ્થાન ભોગવે છે કારણ તેઓ જેટલું પાણી મેળવે છે તે બધાનુંજ દાન કરી દે છે. જ્યારે સાગરનું સ્થાન નીચે જમીન ઉપર છે કારણ તે ઉદારવૃત્તિનો નથી. તે નદી, નાળાં, વરસાદ, તળાવ વગેરેના પાણીનો પોતાના પેટાળમાં સંગ્રહજ કર્યા કરે છે, કોઈને એક ટીપું પણ આપતો નથી.

તેવીજ રીતે માનવીઓમાં પણ છે, જે માનવી ખૂબ પૈસાનો સંગ્રહ કરે છે તેને લોકો માન નથી આપતા પણ જે લોકો ખૂબ દાન કરે છે તેને માન આપે છે. જગતમાં ઘણાંયમાનવીઓ ધનના ઢગલા મૂકી ગયા છે પણ આજે તેઓને કોઈ ઓળખતુંય નથી. દાનવૃત્તિમાં દેવોને પણ શરમાવે એવા કર્ણને લોકોએ દાનેશ્વરી કહ્યો હતો અને આજે પણ લોકો તેને માન આપે છે.

"નામ રહંતા ઠાક્કરાં નાણાં નહિ રહંત,
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નહિ પડંત."

ઉપરોક્ત પંક્તિમાં કીર્તિ અને લક્ષ્મીની સરખામણી કરવામાં આવી છે. લક્ષ્મી ચંચળ છે. તે કદાપી ટકી શક્તી નથી, તેવીજ રીતે કેટલાંક માનવીઓ પોતાની સ્મૃતિ જાળવી રાખવા માટે મોટા મહાલયો કે કીર્તિસ્થંભો રચી જાય છે પણ કાળના હથોડા પડતાં તે હતા ન હતા થઈ જાય છે.

પણ કીર્તિ લક્ષ્મી જેવી ચંચળ નથી કે અલ્પજીવી નથી. કોઈક વાર તે હજારો વર્ષો સુધી ટકે છે. કીર્તિના કોટને કાળના હથોડા વિદારી શક્તા નથી. હજારો વર્ષો થયાં છતાં રામ-કૃષ્ણ, ભગવાન બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત, મહમ્મદ પેગંબર વગેરેની કીર્તિ આજે પણ તેટલીજ જીવંત રહી છે.

# સાચી સેવા

આજના કહેવાતા સમાજ સેવકોમાં બહાનાં, દંભ, વિલાસ અને સ્વાર્થ રહેલાં છે. તેઓ પોતાની સેવાના પ્રચારમાં, વખાણમાંજ સેવાકાર્યની સફળતા સમજે છે. કેટલીક વખત સેવા બજાવતાં પ્રપંચ કરવાનું પણ ચૂકતા નથી. સાચો સેવક મૂગું કામ કરે છે. તેને સેવાનો પ્રચાર અને પ્રશંસા કરવાં ગમતાં નથી. તેમની સેવામાં ફક્ત ત્યાગ-ભાવનાજ રહેલી છે.


**Diwali Greetings**



FROM

**RAMESH K. MORAR & FAMILY**
**21 ARTHUR STREET, VICTORIA PARK,**
**WORCESTER 6850.**

# મનન ઝિણકારો

સંગ્રાહક: ગણેશભાઈ પી. લાલા - - - - - - કેઈપ ટાઉન

મનન એ જ્ઞાનનો ઈજારો નથી, એ તો હૃદયની સ્વાન-શીલતા છે.

---

ઘણી વખત મોજશોખ નબળાઈનું નહિ, પણ થાકનું પરિણામ હોય છે.

---

જ્યાં જ્યાં પ્રેમની સાચી સગાઈ હોય છે, ત્યાં ત્યાં ઈશ્વર પોતે હાજરાહજૂર દેખાય છે.

---

માણસ નિષ્ફળ ત્યારે થાય છે જ્યારે એ વિકાસને બદલે ફળ ઝંખે છે.

---

સમજ્યા વિના ન બોલવું એમાં જ્ઞાન છે.

---

ખરેખર શબ્દ એ તો ઝંઝળ છે, દૃષ્ટિ એક જ ભાષા છે.

---

કવિતા વાંચવા માટે નથી, આત્માની સાથે વાત કરવા માટે છે.

---

સિક્કાની દોલત તો આવે ને જાય, પણ જો એક વખત દિલની દોલત ખોઈ બેસશો તો પછી એ આવતી આવશે. પાછી કોઈ દિવસ એ નહિ મળે.

---

જીભને સ્વાધીન રાખનારો જીવનને પણ સ્વાધીન રાખી શકે.

---

જ્યાં કામ મળાય ત્યાંથી કલા જાય, વસ્તુ મળાય ત્યાંથી વૈભવ જાય, મનુષ્ય મળાય ત્યાંથી સ્વર્ગ જાય.

---

મહત્તા પ્રાપ્ત કરવી એ સદ્‌ભાગ્ય છે; માનવતા પ્રાપ્ત કરવી એ તો સ્વર્ગીય વસ્તુ છે.

---

મનનો ખોરાક સુંદરતા; મનની કસરત સત્ય; એ બન્ને વડે મન એ ખરા અર્થમાં 'મન' બને. બેમાંથી એકની ખામી એટલે મન એટલું અપૂર્ણ.

---

ધરતીકંપ કરતાં વધારે હોનારત માનવ-માનવ વચ્ચેના ધિક્કારકંપથી ઊભા થાય છે.

---

'જ્ઞાન એટલે સમજણ' એટલું જ પૂરતું નથી. આપણી બિનસમજણની સમજણ એજ જ્ઞાન છે.

---

# માતૃભાષા

સ્વાભિમાની અને આત્મવિશ્વાસી માણસમાં માતૃભાષા પ્રત્યે પ્રેમ અને આદર હોય છે. બીજી ભાષા પ્રત્યેના જ્ઞાનની કે તિરસ્કારથી આપણી ભાષા ઉન્નત બની શકતી નથી. જો જરૂર હોય તો બીજી ભાષાનું જ્ઞાન મેળવવું એ આવકારદાયક છે. બીજી ભાષાના જ્ઞાન વગર પણ સ્વભાષા ખીલવી શકાય છે.

---


## દિવાળી અને નવા વર્ષના અભિનંદન

દિવાળીનું મંગળ પર્વ આપને આનંદદાયક નીવડે, અને નવું વર્ષ આપને તથા આપના કુટુંબને સદ્‌કાર્યો કરવાં વધુ પ્રેરિત કરે અને આપની મનોરથો પૂર્ણ થાસો એજ અભિલાષા.

ગણેશભાઈ પી. લાલા અને રૂક્મણીબહેન ગણેશભાઈ

81 FLAT RD RYLANDS ESTATE

*Diwali Greetings*

*from*

*THE DIRECTORS & STAFF OF*

**STORK LITRE &**
**STORK BIG 10**

*FOR THAT GLOW OF HEALTH*

*Also available in*

**STORK PARTY SIZE**

**STORK BEVERAGES**

**FOR ORDERS PHONE: 67-7161**
**AFTER HOURS: 69-4901**

**COR. CARBON and HEIN ROAD,**
**ATHLONE INDUSTRIA N.o 2**




# માણસાઈનો દીવો

લેખક : રામલાલ લ. હરિ
ઈસ્ટ લંડન

જૂની વાત છે. સાચી વાત છે.

રમેશભાઈનો બંગલો નવો જ બંધાયો હતો. ગાર્ડન પણ સુંદર બનાવેલું હતું. ગાર્ડનની માવજત માટે કુમાલોને નોકરીએ રાખેલો. ગાર્ડનની દેખરેખમાં ફૂલઝાડો રોપવા, ફૂલઝાડોને સમયે સમયે પાણી પાવું, ઘાસ કાપવું, સાફસૂફી કરવી વગેરે હતું.

થોડા થોડા સમયે ઘરમાંથી અને આસ-પાસ પડી રહેલી ચીજો ગુમ થવા માંડી. શરૂઆતમાં તો રમેશભાઈને એ ચીજો રાતના કોઈ ચોર આવી તફડાવતો હશે એવો વહેમ હતો. થોડો વધુ જાપતો રાખતા ચોરી કુમાલો કરતો હતો એ ખબર પડી. રમેશભાઈએ તરત જ નોટીસ આપી કુમાલોને છૂટો કીધો.

છ-સાત મહિના પછી, રમેશભાઈ કાંઈક કામ માટે મોટરમાં લોકેશન પાસેથી પસાર થતા હતા. એક મકાન પાસે માણસોની લાંબી કતાર લાગી હતી. મોટર ધીમી પાડી જોતાં, એ ભૂખાઓને કાંઈક ખાવાનું મળે એ માટેની કતાર હતી. કોઈક પરોપકારી મંડળી તરફથી ભૂખાઓને, મોટી હોટેલમાંથી વધેલું અને એઠું ખાવાનું આપવાની ગોઠવણ અહીં કરવામાં આવી હતી.

લોકેશનમાં ગરીબો હોય, બેકારો હોય, અડચણવાળા હોય, અપંગ અને ઘરડાઓ પણ હોય. એઓ પોતપોતાનું વાસણ લાવી, કતારમાં કાંઈક ખાવાનું મળે એવી આશાથી ઊભા હતા. વારાફરતી કાંઈને કાંઈ ખાવાનું આપવામાં આવતું.

રમેશભાઈએ જોયું કે કતારને છેડે કોઈક પરિચિત માણસ લાગે છે. અંતરમાં તપાસ કરવાની ભાવના થઈ. તેમણે મોટર ઊભી રાખી. પાસે ગયા તો દેખાયું કે એ કુમાલો હતો. તેમણે પાસે આવવા ઈશારો કીધો. જૂના શેઠને એણે તરત ઓળખી દીધા. છ-સાત મહિના કામ વગર એ ભટકી ભટકી થાકેલો. ભૂખનો ગરજુ આ કતારમાં કાંઈક ખાવાનું મળે એવી આશાથી ઊભો હતો.

રમેશભાઈએ એની આંખોમાં પરિવર્તન જોયું. એની આંખ કહેતી હતી કે મને માફ કરો. મેં ભૂલ કરી છે. રમેશભાઈના દિલે આ વાત માની બે રાંડ આપી, કાલે ઘરે આવી કામે લાગવા કહ્યું.

કુમાલો આભારવશ મૂક ઊભો હતો. આ દિલની વાતો માટે બોલીની જરૂર ન હતી. અહીં બે માણસો હતા. શેઠ નોકરનો ભેદ ન હતો. આ એક અનુપમ ઘડી હતી.

કુમાલોએ કામ શરૂ કીધું. આજે પંદર વરસ વીતી ગયા છે. હજુ કુમાલો રમેશભાઈ માટે જ કામ કરે છે. નિમકહલાલીથી કામ કરે છે. ચોરી કરતો નથી અને કોઈ કરવા માંગે તો અટકાવે છે.

પંદર વરસ પર પ્રગટેલો માણસાઈનો દીવો હજુ બળે છે. આ વાત સાચી છે. કારણ કે હું જ રમેશભાઈ છું.





*Diwali Greetings*

*from*

**R. MAGAN N.M. RANCHOD**
**and FAMILIES**

# PRIDE STYLE SHOE
## Mnfg. Co. (Pty) Ltd.

*Ask for the famous casuals by name*
**Barracuda Marauders Bok Boks Cheqmates**
*Available at all leading stores*

Warrington Road, Claremont Phone 61-1858

Wall's
ice cream
**makers of**

# Cornetto

***South Africa's Ice Cream Sensation***



*Diwali Greetings*

FROM

**HIRABHAI MAKANJEE PATEL & FAMILY**
**44 YUSUF GOOL BOULEVARD GATESVILLE 7764**



# પ્રભુપ્રાર્થના

**વેદમંત્રો - સંસ્કૃતશ્લોકોમાંથી**

**રજૂ કરનાર - અરુણકુમાર જે. વિદ્યાલંકાર - ડરબન**

સવિતા વિશ્વના દેવ, બધા દુઃખ દૂર કરો મારા
અમારા પાપકારી કાજ, એને પણ દૂર કરો મારા
અમારા કાનમાં સ્વસ્તિ, બને જીવન પુનિત સ્વસ્તિ
જુએ આ નયન પણ સ્વસ્તિ, અમારા અંગ હો સ્વસ્તિ
સબળ સબળ શરીરધારી, ધરીએ ધર્મ પણ સ્વસ્તિ
દેવોની આયુની ભરપૂર, જીવન નિર્માણ હો સ્વસ્તિ
સહુની ચાલીએ સંગસંગ, સહુની વાણીમાં હો સંગ
જ્ઞાનીને દેવોની ક્ષમતા, જીવનમાં હો બધી સમતા

સહુ સંકલ્પ મન શુભ હો, સહુના હૃદય તન શુભ હો
સહુની મતિ સુમતિ શુભ હો, સહુની ગતિ મતિ શુભ હો
દેવોની મતિ સુમતિ હોજો, દેવોની રિદ્ધિસિદ્ધિ હો
દેવોની મિત્ર ક્ષમતા હો, દેવોની આયુ જીવનમાં હો
જેની કીર્તિ જગતમાં પ્રસરી હો, તે ઈન્દ્ર અમારા રક્ષક હો
જે જગતીના નિર્માતા હો, તે દેવ અમારા રક્ષક હો
જેઓ સૃષ્ટિ કૃતિના કારણ હો, તે દેવોના દેવ અમારા હો
જેઓ ગરિમા મહિમા ધારી હો, તે દેવોના દેવ અમારા હો
પુરાણ હોવા છતાં નવીન, તમોજ આદિ દેવાધિદેવ

તમોજ જ્ઞાનીને, તમોજ જ્ઞેય, તમોજ આદિ દેવાધિદેવ
તમો નિધિ છો, તમો વિધિ છો, તમોજ આદિ દેવાધિદેવ
તમો થકી વ્યાપ્તજ સૃષ્ટિ છે આ, જગત અનંતના વિશ્વદેવ
સમસ્ત સૃષ્ટિના પિતા તમોજ, ગુરુ, મહંત, વંદનીય તમોજ
તમોજ સમ કોઈ નથીજ જગમાં, અદ્વિતીય પ્રભાની ત્રણેય લોકે
તમોજ માતા ને પિતા તમોજ, તમે સખા બંધુ દેવાધિદેવ
તમોજ વિદ્યા, ધન, મન તમોજ, તમે સર્વસ્વ દેવાધિદેવ

# સુભાષિતો

**સંગ્રાહક : રંભાબહેન વિનયચંદ્ર પટેલ**

**સહશિક્ષિકા : શ્રી વૈદિક ગુજરાતી શાળા**

**પીટરમૅરિટસબર્ગ**

**નાટાલ**

બુદ્ધિ અને ભાવના, શક્તિ અને ભક્તિ. ઉભયના સુભગ સમન્વયમાંથી જ વિકાસ સર્જાય.

બુદ્ધિ સમૃદ્ધિને વરે, હૃદય શુદ્ધિને વરે.

ચંદન કપાળને શીતળ કરે છે, જ્યારે વંદન હૃદયને ઠંડક આપે છે.

ભૂલ ખાડો બનશે, જો નહિ શીખીએ તો; ભૂલ પગથિયું બનશે, જો બોધ લઈશું તો.

અન્યની આંતરડી ઠારે, એની ઉપર જ ઈશ્વરની આંખડી ઠરે.

જેની જીભ નાની, એનું કામ મોટું; જેની જીભ મોટી, એનું કામ નાનું.

સ્નેહ, સંયોગથી પુષ્ટ બને, વિયોગથી દૃઢ બને.

મનનું મશીન મનનું ઑઈલીંગ માંગે છે.

સમજભર્યો સંતોષ માનવીને તારે છે અણસમજણનો સંતોષ એને મારે છે.

વિશ્વ કુટુમ્બની ભાવનામાંજ વિશ્વ શાંતિનાં બીજ બેઠાં છે.

સ્નેહની દુનિયામાં આપ-લે નહિ અર્પણ જ હોય.

અછતવાળાને આપેલું દાન જ અગત્યનું છે.

અન્યની જીવનવાડીમાં પાનખર રૂપે નહિ, વસંત રૂપે પ્રવેશીએ.

વખાણથી ચગવું નહિ, નિંદાથી ડગવું નહિ.



# રસોડામાં......

(જુદી જુદી વાનગીઓ)

## ઈડલી

રજૂ કરનાર : રંભાબહેન વિનયચંદ્ર પટેલ - નાટાલ

સામગ્રી÷ ૪૦૦ ગ્રામ ચોખા, ૧૦૦ ગ્રામ અડદ દાળ, મીઠું, મરીનો ભૂકો જોઈતા પ્રમાણમાં.

કરવાની રીત÷ દાળ તથા ચોખાને પલાળી ૬ થી સાત કલાક રહેવા રહેવા દેવાં. બાદ બંનેને વાટી નાખવા. બાદ તેલનું મોણ નાખી, વાટેલું ખીરું ફીણીને હલકું કરવું. તેમાં મીઠું નાખી ગેકળિયામાં વાડકીઓમાં ખીરું ભરીને ઉપર મરીનો ભૂકો ભભરાવી, ગેકળિયું બંધ કરી, વરાળથી બફાવા દેવું

ચટણી કે સંભાર સાથે ખાવામાં ઉપયોગ કરવો. (દળેલા લોટની પણ આ પ્રમાણે કરી શકાય છે)

## લસણિયા ગાજર

રજૂ કરનાર : રંભાબહેન વિનયચંદ્ર પટેલ - નાટાલ

સામગ્રી÷ ૫૦૦ ગ્રામ ગાજર, મીઠું, લસણની ચટણી, તેલ.

કરવાની રીત÷ ગાજરના ટૂકડા કરી મીઠું ભભરાવીને બેથી ત્રણ કલાક રહેવા દેવું. પછી એક દિવસ તડકે સૂકવવાં. લાલ લસણની સૂકી ચટણીમાં તેલમાં નાખી ગાજરના ટુકડા તેમા નાખી ખૂબ મસળવા જેથી મસાલો સારી રીતે લાગી જાય

## સાબુદાણાની પૂરી

રજૂ કરનાર : રંભાબહેન વિનયચંદ્ર પટેલ - નાટાલ

સામગ્રી:- ૨૦૦ ગ્રામ સાબુદાણા, ૫૦૦ ગ્રામ બટાકા, ૧૦૦ ગ્રામ શિંગોડાનો લોટ, મીઠું, જીરું.

કરવાની રીત:- સાબુદાણા ૬ થી ૭ કલાક પલાળી રાખવા. ત્યાર બાદ સ્ટવ ઉપર મૂકી એકરસ બનાવી દેવા બટાકાને બાફી, છોલી તેનો માવો કરી તેમાં મીક્સ કરીને, લોટ અંદર નાખી તેમાં મીઠું અને જીરૂ નાખી મીક્સ કરી કણક બાંધવી. તેમાંથી નાની નાની પૂરી હાથથી થેપી ને ગોળ બનાવી તેલ મૂકી તળી લેવી. તાપ ખૂબજ ધીમો રાખી તળવી. તો પૂરી એકદમ ગુલાબી રંગની થશે. ઘીમાં તળવાથી ખૂબજ સ્વાદિષ્ટ લાગશે. ગરમા ગરમ ખાવાનો ઉપયોગ કરવો (આ ફરાળી વાનગી છે)

*Best Wishes for Diwali*

*and a Prosperous New Year*

*to all friends and relatives*

from

**MRS. MANIBHEN L. NAVSARIA & FAMILY**

32 Shaanti Crescent Gatesville 7764 Phone 67-7233

P.O. Box 111 Athlone

*Wishing all friends and relatives*

*A Happy Diwali*

*and Prosperous New Year*



**FROM**

MR. & MRS. R. LALLA & FAMILY

AND

MR. & MRS. VIJAY R. LALLA & FAMILY

**40 PLETTENBERG ROAD, RYLANDS ESTATE 7764**

*The Directors and Staff extend*

*Diwali Greetings*

*to their Friends and Clients*



# GOING OVERSEAS?

Contact

# EMBASSY TRAVEL

**(PTY.) LTD.**

(WORLD WIDE BOOKING AGENTS)

**21 WALE STREET,**

**CAPE TOWN 8001.** **PHONE 22-4333/4/5**

# સત્યનું ફળ

લેખક
ઘેલાભાઈ રણછોડજી
કેઈપટાઉન

ગુજરાતપ્રાંતમાં એક નાનકડું ગામ. ગામમાં એક નવી નિશાળ શરૂ થઈ, એ શાળાના ઉદ્‌ઘાટનમાં લોકોએ બહુ ઉત્સાહથી ભાગ લીધો. નાના નાના છોકરાઓ પણ નવાં નવાં કપડાં પહેરી ઉત્સવમાં હાજર રહ્યાં.

સામે ચાલીને એક સ્નાતક યુવાને શિક્ષક તરીકે આ ગામની શાળા સંભાળી. સત્યને ઘણુજ મહત્વ આપી પ્રવચનો થયાં. મહાત્મા ગાંધીજી ની છબીને હારતોરા થયા. બાળકોને મિઠાઈઓ વહેંચવામા આવી. આ રીતે સૌ નાના-મોટાએ ખુશાલીમાં ભાગ લીધો.

શાળા નિયમિત શરૂ થઈ ગઈ. શાળામાં અરજુન નામે એક છોકરો ભણતો હતો. ઉદઘાટન વેળા ગાંધીજી અને સત્ય વિશે જે પ્રવચનો થયા હતા તે તેને બરાબર રહી ગયાં. એના નાનકડા મગજમાં એ વાત એવી તો ઠસી ગયેલી કે બસ, તે દિવસથી તેણે સાચું બોલવાનું શરૂ કરી દીધું. આ વર્તન રાખવાથી એને એક બે વખત સખત માર પણ ખાવો પડેલો પરંતું તે વાતનું એને જરાએ દુઃખ ન થયું.

ત્યાર પછી એક પ્રસંગ બની ગયો. એ ગામમાં દારૂ ગળાય છે ને મોટા પ્રમાણમાં એનો દુરૂપયોગ થાય છે, એવી બાતમી જીલ્લાના પોલીસ અધિકારીને મળતાં તેઓ પોલીસ ટુકડી લઈ ગામમાં તપાસ કરવા આવી ગયા. હકીકતમાં મોટા ભાગના ગામના લોકો દારૂ ગાળવાનોજ ધંધો કરતાં હતા. એટલે પોલીસના આગમનની જાણ થતાં ટોળકીમાં ફડફડાટ વ્યાપી રહ્યો. માલ સગેવગે થઈ ગયો.

ખાસ માહીતીવાળાને ઘેર ફોજદાર આવી રહ્યા. ઘરમાં કોઈ ન મળે, ફક્ત આઠ વર્ષનો નાનકડો અર્જુન હતો. ફોજદારે પ્રશ્ન પૂછયો. "લોકોએ દારૂના માટલાં ક્યાં સંતાડયા છે તેની તને કંઈ ખબર છે? જાણતો હોય તો તરત કહી દે."

સાચાબોલા અરજુને કહયું, "હા ચાલો મારી સાથે, તમને બતાવુ." એમ કહી ઘરની પાછળ વાડામાં લઈ ગયો. ઘરના માણસોને સ્વપને ખ્યાલ ન હતો કે આ છોકરો પોલીસને સઘળું કહી દેશે. ઉકરડામાં ઢાંકેલા બધાં દારૂના માટલાં મળી આવ્યાં. છોકરાના બયાન ઉપરથી પોલીસે દારૂ ગાળનારોને પકડી લીધાં.

ગામલોકો અરજુનને ગાળો દેવા લાગ્યા, "નખ્ખોદ વાળી દીધું આ ગામનું!" અરજુન એના બાપને પકડાયેલો જોઈ રડવા લાગ્યો. ફોજદાર વિચારશીલ વ્યક્તિ હતા. તેઓ આ નાનકડાં કિશોર અરજુન પર ખુશ થયા. એમણે લોકોને સમજાવ્યા, "હું તમને દરેકને છોડાવી શકુ પરંતુ તમે આજથી પ્રતિજ્ઞા કરો કે, ફરી કદાપિ આ ધંધો હાથ નહિ ધરો અને મન દઈ ખેતીનાં કામે લાગી જશો., તો તમને છોડાવું. આ સાંભળી સૌએ પ્રતિજ્ઞા લીધી અને એ ગામ દારૂની બદીમાંથી મુક્ત બની નંદનવન સરખું બની ગયું.


*Diwali Greetings to the Hindu Community*

from

**B. KAGANSON & SONS**

**(PTY.) LTD.**

253 Albert Road Woodstock

**(FOOTWEAR WHOLESALERS)**

# FARGO TRADING CO.

**General Wholesale Produce Merchants & Direct Importers**

*Wish all a Happy Diwali and Prosperous New Year*



**8 GOLDSMITH ROAD, SALT RIVER**
**PHONE 55-4095**





*Diwali Greetings*



TO ALL FRIENDS AND ASSOCIATES

*from*

**MR & MRS SATAAR PARKER**
43 TUSSEN ROAD, RYLANDS ESTATE





*from*

**MRS SOMIBHEN SUKHA & FAMILY**
**MR JERAM SUKHA & FAMILY**

24-26 NOLL AVENUE, HATTON ESTATE, CAPE

# લાભ અને હાનિ

## (એક સુંદર બોધવાળી વાર્તા)

સંપાદક : રંભાબહેન વિનયચંદ્ર પટેલ
—— પીટરમેરિત્સબર્ગ - નાતાલ ——

એક વખત એક જુગારીને મન થયું કે ભગવાન તથાગત, માનવ માટે બધીજ સ્થિતિમાં કેવળ લાભની વાતો કર્યા કરે છે, તો એને જઈને પૂછીએ, કે માણસ માટે ખરી હાનિ શામા રહી છે?

એટલે, એ જ્યાં ભગવાન હતા ત્યાં ગયો. જઈને અભિવાદન કર્યું. અને પછી પૂછ્યું: 'ભગવાન! તમે માણસને બધી સ્થિતિમાં લાભની વાતો બતાવો છો, તો પછી હાનિની વાત કઈ હશે? કે હાનિની વાત હશે નહિ?'

ભગવાને કહ્યું: 'હાનિનો અર્થ સમજવો જોઈએ. માણસ જે ક્રિયા કરે, પણ એ એને કાંઈ જ ફળ ન આપે, તો તે ક્રિયાનું નામ હાનિ. ઉદાહરણ તરીકે, સૂરજ ઊગ્યા પછી તમે સૂતા રહો, તો, ન એ તમારા મનને શાંતિ કે આરામ આપે, કે ન તમારા શરીરને ફાયદો કરે. આવી ક્રિયા તે હાનિ. એજ પ્રમાણે તમારા હાથમાં લાંબો વખતસમૃદ્ધિ રહે તો એ પણ એક પ્રકારની તમારા માટે હાનિ. આળસુ થઈને પડ્યા રહેવું ને આળસુ વિચારો સેવવા એ હાનિ. ચંદ્રની ચાંદની, તમને સારા વિચારો આપવાને બદલે, જો ઉન્મત્તોને જેમ રાડારાડ કરવા પ્રેરે, તો એ પણ હાનિ. આ બધા હાનિના પ્રકારો છે. પણ હે બ્રાહ્મણ! તું શું કામ કરે છે? તને આવો પ્રશ્ન કરવાનું કેમ મન થયું?'

બ્રાહ્મણે કહ્યું: હું જુગાર રમું છું. ને એમા લાભ હાનિ સિવાય બીજી કોઈ વાત તો આવતી નથી!'

'પણ જુગારમા તું જીતે છે, કે સામાવાળો જીતે છે?'

કોઈ વખત હું જીતું. કોઈ વખત સામાવાળો જીતે.

'ત્યારે બ્રાહ્મણ! જે જીતે છે, ને બીજાને હરાવીને પોતે જીતે, તે ખરી રીતે જીતતો નથી'

'ત્યારે ખરી જીત કોઈ બીજી છે?'

'હા બ્રાહ્મણ! ખરી જીત બીજીજ છે. જે બીજાને જીતે છે, તે શું જીતે છે? બહુ બહુ તો એની થોડી વસ્તુઓ લઈ લે છે. પણ જે જાતને જીતે છે. એ તો આખા જગતને જીતી લે છે. આખી દુનિયા બિચારી એની પાસે રંક જેવી થઈ રહે છે. કારણ કે એને લલચાવનારી કોઈ વસ્તુ દુનિયાની પાસે નથી. એ શ્રીમંતમા શ્રીમંત થઈ જાય છે. વળી તું જુગારમાં જીતે, અને વળી પાછો એમા હારે પણ ખરો. પણ આ રમતમાં, તો જે જીતે તે જીતી જાય. એને પાછળથી હાર જોવાની મળે નહિ. માટે હું કહું છું હે બ્રાહ્મણ! એક વખત તારી પોતાની જાતને, તારી સામે દાવમાં બેઠો હોય એમ માનીને, એની સામે તું રમી તો જો એ રમત નો રંગ વળી કાંઈ ન્યારો જ હશે!'

બ્રાહ્મણ તો આ સાંભળીને છક્ક થઈ ગયો. તે વખતે અને સમજાયુ કે દુનિયામાં જુગારીને મળેલો દુર્ગુણ પણ છેવટે તો સદ્ગુણ જ થઈ રહે છે જો એનો ઉપયોગ આવડી જાય તો.

એના હૃદયમાં એ વખતે એક બે કવિતાની પંક્તિ સહેજે જ નીકળી પડી.

'જીત્યો જે જાતને રે કે, જંગ એ જીતી ગયો!
'એ તો બેઠો અજિતને હાર કે, રંગ એનો રહી ગયો!
જીત્યો જે જાતને રે કે, રંગ એનો રહી ગયો!'

---



*Wishing all our*

*Hindu Friends & Patrons*

*A Happy Diwali and*

*a Prosperous New Year*

# ATLAS TRADING CO.

**(PTY) LTD.**

*Wholesale Merchants and Direct Importers*

*Cigarette and Tobacco Distributors*

Phone
22-4551/2

94 Wale Street
Cape Town

*Stockists of*

**ALL INDIAN SPICES AND GROCERIES**
**FRESH VEGETABLES**
**PAAN, INSENCE STICKS, ETC. ETC.**

**Holy Quaraans and All Muslim Religious Books with English Translation and Arabic Text**

*Diwali Greetings*



FROM

# B. M. PATEL

Distributors of

**16 & 35 mm ENGLISH & INDIAN FILMS**

21 Mavis Road, Rylands Estate — Phone 72-8502

*Wish all a Happy Diwali and*

*A Properous New Year*



from

Mr. & Mrs. Ş. N. RAMA

# મુક્તકો

શ્રી ઉમિયાશંકર જોષાકર - લેનેશિયા

ઈશ્વર નીતિ ને ધર્મ પ્રત્યે સૂગ છે કલિયુગમાં,
સંપત્તિના સંચયની ભારે ભૂખ છે કલિયુગમાં,
શારીરિક આનંદની હુરીફાઈમાં ઉતર્યા સહુ,
દેહથી આત્મા જુદો ! એ વાત હું કોને કહું ?

નાના કરે ઉપકાર તે મોટા કરી શકતાં નથી,
માતા કરે જે પ્યાર તે પિતા કરી શકતા નથી,
ગાગર લઈને હાથમાં તરસ્યો મુસાફર આથડે,
સાગર-કિનારાને ત્યજી ચાલ્યો કૂવાને કાંઠડે.

કન્યા કહે રૂપવાન છે, માતા કહે ધનવાન છે,
પિતા કહે કોલેજમાં શિક્ષિત ને વિદ્વાન છે
સ્વજનો કહે કૂળવાન છે પણ અન્ય ભૈયા તણું,
પ્લેઈટમાં પીરસાએલા પકવાન પ્રત્યે ધ્યાન છે.



# વિવેકબુદ્ધિની ચિત્રાત્મક રીતે રજૂઆત

રજૂ કરનાર : શકિલાબહેન રમણલાલ ભગવાન
ધોરણ ૬ શ્રી વૈદિક ગુજરાતી શાળા
પીટરમૅરિટસબર્ગ - નાટાલ

જાપાનના લોકોએ વિવેકબુધ્ધિના વિચારને એક સરસ ચિત્રાત્મક રીતે રજૂ કરેલો છે.

ત્યાંના એક મંદિરમાં કમળના આસન પર બેઠેલા ધ્યાન ધરંતા ભગવાન બુધ્ધની એક મોટી મૂર્તિ છે. તેની આગળ ત્રણ નાનકડાં વાંદરાંનાં પૂતળાં મૂકેલાં છે. એમાંના એક વાંદરાએ પોતાના હાથ પોતાની આંખો ઉપર મુકેલા છે. બીજાએ પોતાના બે હાથ કાન પર મૂકી, કાન બંધ કરેલા છે. અને ત્રીજાએ તો પોતના બે હાથ મોઢા પર મૂકેલા છે.

આ ત્રણ વાંદરાં આપણને શું બતાવે છે?

પહેલો વાંદરો બેઉ આંખો બંધ કરી, પોતાની ક્રિયાથી એમ કહે છે કે: 'હુ જગતમાં ખરાબ ચીજો જોતો નથી.' તો બીજો કહે છે: 'હુ જગતમાની ખરાબ વાતો સાંભળતો નથી.' અને ત્રીજો કહે છે: 'હુ કાંઈ ખરાબ બોલતો નથી.'

આવી રીતે આ દુનિયામાં ડાહ્યો માણસ પોતે જ કાંઈ જોતો હોય છે, સાંભળતો હોય છે અને બોલતો હોય છે, ત્યારે તેમા વિવેકબુધ્ધિ વાપરતો રહે છે.

એવા પારિણામોનો વિચાર કરે છે, અગાઉથી વસ્તુને વિચારે છે અને પોતાને કાંઈ રસ્તો ન દેખાય તો તે બીજાને પૂછી લે છે.

# HOT SPICE
## Quality Products

CURRY 'N HURRY

***for the best in***

**SPICE PRODUCTS**

**GOLDEN CRACKLES**

**INSTANT MASALA**

***insist on Hot Spice***

---

*With the best wishes for*

*A Happy Diwali*

**from**

# HOT SPICE PRODUCTS

**(PTY.) LTD.**

***Connoisseurs of Spices***

Cnr. Claude and Dawid Road, Athlone Industria 7764.

Phone: 67-2542

*With the Compliments of*

BAUMANN'S

BISCUITS

## ની કહેવતો

સંગ્રાહક :- જશવંતીબહેન હિંમતલાલ
પીટરમૅરિટસબર્ગ - નાતાલ

જેની ઘંટીએ બેસીએ, તેના ગીત ગાઈએ.

HE IS AN ILL GUEST WHO DOES NOT DRINK TO HIS HOST

સમજૂતી:- કોઈનું કામ પડે તો તેનું સારું બોલી - મીઠું મીઠું બોલી કામ કઢાવી લેવું તે.

જેવો દેશ, તેવો વેશ.

IN ROME, WE ARE ROMANS

સમજૂતી:- જે લોકો સાથે રહીએ, તેમની સાથે હળીમળીને રહેવું.

જાગ્યા ત્યાથી સવાર.

IT IS NEVER LATE TO MEND

સમજૂતી:- જયારથી ભૂલ સમજાય ત્યારથી સુધરી જવું - ભૂલ સુધારી લેવી. એમાંજ સાચું ડહાપણ છે.

જે વાંચે ચોપડી તે મેળવે ચો-પડી.

NO PAINS NO GAINS

સમજૂતી:- જે વાંચે - ભણે ગણે છે. તે આગળ જતાં (ભવિષ્યમાં) સારું કમાય છે - એટલે કે, ચાર પડ વાળી રોટલી (પૂરણપોળી-ગળી રોટલી) મેળવી શકે છે.

## વચનામૃત

અ.સૌ. નીલાબહેન ભરતકુમાર - પીટરમૅરિટસબર્ગ

ઈન્દ્રે બૃહસ્પતિને કહ્યું :- "ગુરુમહારાજ! એવો એક શબ્દ બતાવો કે જે આચરવાથી મનુષ્ય સર્વત્ર માન પામે ત્યા સારો કહેવાય."

બૃહસ્પતિએ ઉત્તર દીધો :- "હે ઈન્દ્ર! 'મીઠાશ' એ એક એવો શબ્દ છે કે જે આચરવાથી મનુષ્ય સર્વત્ર માન પામે છે. તથા સારો કહેવાય છે. જે માણસની ભમ્મર બોલતી વખતે ચઢીને ચઢી રહે છે, તેને કોઈ ચાહતું નથી. જે માણસ સામાને કોઈ પોતે પહેલા બોલવા જાય છે, અને મલકતે મોંએ બોલે છે - હસતે ચહેરે બોલે છે, તેના ઉપર લોકો ખુશ રહે છે. મીઠા બોલ વગરનું દાન પણ શોભતું નથી. શાક વગરનું અન્ન જેવું એ લૂખું લાગે છે."

"જે વાકયથી કોઈનું મન દુભાય નહિ, જે સત્ય હોય અને જે હિતકારી હોય તથા પ્રિય (મીઠું) લાગે. એ બોલવું તે વાણીનું તપ કહેવાય છે."



# જ્ઞાન સાથે ગમ્મત

સંપાદક : સીમાબહેન મનસુખલાલ ભૂલા
ધોરણ ૫ શ્રી વૈદિક ગુજરાતી શાળા-નાટાલ

કોણ લોક ક્યાંથી આવ્યા?

યુરોપીયનો:- પશ્ચિમ એશિયામાંથી
અમેરિકનો:- મુખ્યત્વે યુરોપ અને આફ્રિકામાંથી
અમેરિકના રેડ ઈન્ડિયનો:- ઉત્તર મોંગોલીયામાંથી.
ન્યુઝીલૅન્ડના માઓરી લોકો:- ઉત્તર હિન્દુસ્તાનમાંથી.
ફીન, મેગીઆર્સ:- મધ્ય એશિયામાંથી.
જીપ્સી (રખડતી જાત:- હિન્દુસ્તાનમાંથી.
તુર્કો:- મધ્ય એશિયામાંથી.
અંગ્રેજો:- દક્ષિણ ડેન્માર્કમાંથી.
મૂર લોકો:- અરબસ્તાનમાંથી.
એસ્કિમો:- ઉત્તરચીનમાંથી.

આ ઉપરથી એમ સ્પષ્ટ દેખાશે કે વિધવિધ પ્રજાઓનું મૂળ સાધારણત: એશિયા - ખંડમાંજ સમાએલું છે. અને વિશ્વબંધુત્વનો આદર્શ પણ સારાયે એશિયા ખંડની ગૌરવ વિભૂતિરૂપ મહાત્મા ગાંધીજ આખી દુનિયાના માનવોને શીખવાડી ગયા છે, પ્રભુ એ દિવસ જલદી આણે.




*We wish all friends and customers a Happy Diwali & Prosperous New Year*

**M. R. TRADING Co.**
**(PTY) LTD.**

**WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS**

WE ARE DISTRIBUTORS TO THE TRADE
**NOVELTY LINES, AGARBATTIS, INDIAN & CONTINENTAL JEWELLERY, INDIAN GOODS, WATCHES ETC.**



20 Pine Road, Rylands Athlone 7764 Cables "Rama"
Phone: 67-3672

# અંત ઘડીએ શું?

પંડિત વિનયચન્દ્ર બી પરેખ - પીટરમેરિત્ઝબર્ગ - નાટાલ

પરમકૃપાળુ પરમાત્માએ આપેલા આ મહામૂલા માનવદેહને છોડતી વખતે - અંત સમયે - છેલ્લી ઘડીએ માનવીની હાલત ખૂબજ દુઃખદાયી બની જાય છે. એ સમયે જાણે કે લાખો વીંછીઓ એક સાથે ડંખ મારતા હોય તેટલું દર્દ થાય છે. આખી જિંદગી દરમિયાન કરેલાં સર્વપ્રકારનાં કર્મો આંખ સામે તરવરે છે.

તેડું થયું એટલે ગયા વગર છૂટકો નથી. આવે સમયે માનવીનાં સગાં-વહાલાં, સ્ત્રી, પુત્રો, આપ્તજનો કે મિત્રો, કોઈ પ્રકારની મદદ કરી શકશે નહિ, એ નિઃશંકવાત છે. આવી સ્થિતિમાં અંત સમયને પહોંચેલી વ્યક્તિનાં ગાત્રો, ઈન્દ્રિયો, મન વગેરે પણ તેના પક્ષમાં રહેતાં નથી. જેમને તે વ્યક્તિ પોતાનાં માનતી હોય છે. તે બધાં તો અંત ઘડીએ યમરાજના પક્ષમાં ભળી જશે.

જેમને માટે માનવીએ અપાર દુઃખો વેઠીને, પોતાના માનીને જિંદગીભર અનેક પાપો કરીને, જેમનું ભરણપોષણ કર્યું તે પણ તે સમયે માનવીનો રહેશે નહિ, એવું કથન અનેક સંતોનું છે.

આવે સમયે, દુઃખી, ગરીબ, મા-બાપ, વૃદ્ધો, ગુરૂજનો, સાધુ-સંતો વગેરેની સેવા, પ્રાણીમાત્રના આશીર્વાદ, પુણ્યદાન, તપ અને ભક્તિ સિવાય, અંત સમયના દારુણ દુઃખને પ્રસંગે કોઈ સહાયક કે મદદગાર બનશે નહિ.

માટે આ બાબતોનો પૂરો વિચાર કરીને આપણે સૌએ અંત-ઘડીનું સાચું ભક્તિભાથું ભેગું કરવાનું છે. ભક્તિભાથું એ ધર્મનું ભાથું છે - સુકર્મોનું ભાથું છે. તેવી ભાવના કેળવવા માટે તમારા શહેરમાં કે તમારા સમાજમાં થતી સામૂહિક પ્રાર્થના કે સત્સંગનો લાભ લેવાનું ચૂકશો નહિ. ધાર્મિક વાચન કરતા રહો. ખરી ભાવનાથી સાચા દિલથી ધર્મનું પાલન કરશો તો અંત ઘડી સુધરી જશે અને પુનર્જન્મમાં ધર્મનું ભાથું - ભક્તિનું ભાથુંજ કામ લાગશે.

# ભૂલનું રહસ્ય

(ગાંધીજીની એક વાત)

રજૂકરનાર: રાજેશ ઈચ્છારામ કાળા
ધોરણ ૪ - શ્રી વૈદિક ગુજરાતી શાળા
પીટરમેરિત્ઝબર્ગ
નાટાલ

એક વાર એક ભાઈ બાપુજી સાથે લંબાણથી વાતો કર્યા પછી બોલ્યા: "બાપુ, તમે મને પ્રોત્સાહન તો આપી રહ્યા જ છો. મારા માર્ગમાં જે ખાડાટેકરા આવે તેનાથી મને સાવધ કરો, જેથી તમારાં જ્ઞાન અને અનુભવનો મને લાભ મળી શકે અને મારી ભૂલો ઓછી થાય."

બાપુ કહે: "ભૂલ કરવી એ ભૂલ નથી, કારણ કે કોઈ ભૂલ છે એમ જાણ્યા પછી ભૂલ કરતું નથી પરંતુ ભૂલ જાણ્યા પછી તેને ન સુધારવી એ ભૂલ છે. રખે ભૂલ થઈ જશે એથી તમે ડરશો તો તમે કાંઈ પણ કરતાંયે ડરશો. તમને જ્યારે તમારી ભૂલ જણાય ત્યારે તમારે સુધારવા તૈયાર રહેવું."



## JUVENILE DELINQUENCY

SUBMITTED BY
JACKISON L. NAVSARIA

Delinquency among the youth of the world, at all times a problem, has assumed serious proportions of late. The problem is universal and is not restricted to any one country. Poverty unemployment, frustration among the educated, unemployed and the rat race in overpopulated cities are some of the causes.

In trying to understand this problem, one must recognise the fact that the period between childhood and full manhood or womanhood is characterised by vigour, enthusiasm, inexperience and immaturity. The lawless behaviour arises from these qualities The indiscipline that is rife among university students represents one cross section of the problem. Indiscipline among the students is also partly due to other factors — all of them man-made ranging from bunking the lectures to down right rioting and clamouring for holidays on the slightest pretext.

Our expectations of the achievements of the young people are high and when they are not realised wholly we blame them for their failure. However, they alone cannot be blamed. The frequent exhortation of the politicians to the youths of the day to take sides on political issues is one of the factors of indiscipline. Another factor is the type of education that is imparted to them — an education which apparently emphasises passing the examination rather than the proper development of their personality and learning to face the problems of life.

In trying to solve the problem it is important to recognise the aspirations of all young people and to give them the proper encouragement and help whenever necessary. Their specific talents should be discerned and every attempt should be made to cultivate them. The energy and enthusiasm of the youth should be conducted to planned channels. The leadership should be dedicated and intellectually honest.

It is well recognised that the youth of to-day are the men of to-morrow who have the safeguard the honour of their home and their nation. In an intensely human problem like this immense patience, sympathy and devotion to the welfare of the young are necessary to weed out problem of juvenile delinquency.

*Best Wishes to all Friends and Business Associates*



Acme

**CLEANERS + LAUNDERERS**

**HEIN ROAD, ATHLONE INDUSTRIA**

**THAKOR G. BHIKA & FAMILY**
**NAGIN G. BHIKA & FAMILY**

Phone: 67-1376/7 67-3384 (Res.)

# FELIX'S

# BODY WORKS

## ATHLONE'S LEADING PANELBEATERS

- FREE QUOTATIONS
- FREE BREAKDOWN SERVICE
- FREE PARKING

## SERVICE 24 HRS. A DAY

PHONE 67-1223/4/5 HEIN ROAD ATHLONE INDUSTRIA


PRINTED BY ESQUIRE PRESS, HEIN ROAD, ATHLONE INDUSTRIA NO. 1 PHONE 671260/1

# TRUBUILD

*are*

*BUILDERS OF QUALITY HOMES*

Members of the Master Builders Association

**OFFER FULL DESIGN & CONSTRUCTION FACILITIES AND FINANCE!**

7 Grove Building
Grove Ave., Claremont
P.O. Box 412, Claremont

Phone 66-6219
Phone 69-8178